RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર
# NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 194* Date: 05.05.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

NEWS OF GANDHINAGAR_P-1

### દિલ્હીમાં જંતર મંતર પર પ્રદર્શનકારી પહેલવાનો અને પોલીસ વચ્ચે ધક્કા-મુક્કી

## મહિલા રેસલર વિનેશ ફોગટના ભાઈ દુષ્યંતને અથડામણ દરમિયાન માથામાં ઈજા,અન્ય રેસલર રાહુલ પણ ઘાયલ થયો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૪

દિલ્હીમાં જંતર મંતર પર પ્રદર્શનકારી પહેલવાનો અને પોલીસ વચ્ચે ધક્કા -મુક્કી થઇ હોવાનો વિડિયો સામે આવ્યો છે.દિલ્હીમાં જંતર-મંતર પર ધરણા કરી રહેલા પહેલવાનો અને પોલીસ વચ્ચે બોલાચાલી અને ઝપાઝપીનો એક વીડિયો સામે આવ્યો છે. બુધવારે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે વિરોધ કરી રહેલા પહેલવાનો અને દિલ્હી પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી.પહેલવાનો આરોપ છે કે વરસાદને કારણે પથારી મંગવવામાં આવી હતી. પોલીસે તેમને આવતા અટકાવ્યા. આ દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે સ્ટાર ખેલાડી બજરંગ પુનિયા અને પોલીસ વચ્ચે બોલાચાલી થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, કુસ્તીબાજોએ જાન્યુઆરીમાં જંતર-મંતર ખાતે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહના વિરુદ્ધ ધરણા કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે ડબ્લ્યુએફઆઇ પ્રમુખે મહિલા ખેલાડીઓનું યૌન શોષણ કર્યું હતું. ભારતીય ઓલિમ્પિક એસોસિએશન અને રમતગમત મંત્રાલયે આ મામલે એક કમિટી બનાવી હતી. પિકેટિંગ કરનારા ખેલાડીઓનું કહેવું છે કે કમિટી બન્યા બાદ પણ આ મામલે હજુ સુધી કંઈ થયું નથી, તેથી આ લોકો ફરીથી ધરણા પર બેઠા છે. આ તમામ આંદોલનકર્તા પહેલવાનો, બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે વહેલી તકે ધરપકડની માંગ કરી રહ્યા છે.

રેસલર વિનેશ ફોગાટે દિલ્હી પોલીસ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે અમે અમારા સન્માનની લડાઈ લડી રહ્યા છીએ. પરંતુ પોલીસકર્મી યુવતીઓની છાતી પર હાથ મારી રહ્યા છે, પોલીસે અમારી દુર્દશા કરી છે.મારવા હોય તો ગમે તેમ કરીને મારી નાખો, અમે મરવા તૈયાર છીએ, કેટલા બેઆબરુ કરશો ? શું આ દિવસ જોવા માટે મેડલ લાવ્યા હતા ? જો આવું જ થવાનું હોય તો અમે ઈચ્છીએ છીએ કે હવે પછી કોઈ પણ ખેલાડી મેડલ ના જીતે. આ નિવેદન દિગ્ગજ કુસ્તીબાજ વિનેશ ફોગાટે મધ્યરાત્રિએ રડીને આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વરસાદને કારણે, કુસ્તીબાજો માટે ફોલ્ડિંગ બેડ લાવવામાં આવ્યા હતા, જેને પોલીસે અટકાવ્યા હતા, ત્યારબાદ પોલીસ અને કુસ્તીબાજો વચ્ચે ઘર્ષણ થયું હતું. તેમણે કહ્યું કે અમે લોકોએ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું છે, પરંતુ તેમની સાથે ગુનેગારો જેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ કુસ્તીબાજ બજરંગ પુનિયાએ દિલ્હી પોલીસ પર તેની સાથે દુર્વ્યવહાર કરવાનો અને મારપીટ કરવાનો આરોપ લગાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ અને કુસ્તીબાજો વચ્ચેની મોડીરાત્રે થયેલ અથડામણમાં વિનેશ ફોગટના ભાઈને માથામાં ઈજા થઈ હતી. આ સિવાય બેડ લઈને પહોંચેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સોમનાથ ભારતીને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. જોકે બાદમાં તેમને છોડી મુકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત કુસ્તીબાજો સાથેની અથડામણને કારણે દિલ્હીમાં પણ રાજકારણ ગરમાયું છે. સમાચાર મળતાની સાથે જ ખેડૂત નેતાઓ તેમના સમર્થકો સાથે જંતર-મંતર જવા રવાના થયા હતા, પરંતુ પોલીસે તેમને ધૌલા કુઆ ખાતે રોક્યા અને તેમની કસ્ટડીમાં લીધા. જયારે, દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજ અને આપ ધારાસભ્ય સાથે મહિલા આયોગના અધ્યક્ષ સ્વાતિ માલીવાલે પણ જંતર-મંતર પહોંચવાની જાહેરાત કરી હતી, ત્યારબાદ પોલીસે આ લોકોને પણ કસ્ટડીમાં લીધા હતા.

જંતર-મંતર પર વિરોધ કરી રહેલા કુસ્તીબાજો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રેસલર વિનેશ ફોગાટના ભાઈનું માથું ફૂટ્યું. તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. જંતર-મંતરથી સામે આવેલા વીડિયોમાં વિરોધ કરી રહેલા કુસ્તીબાજોએ જણાવ્યું કે પોલીસ કર્મચારીઓએ નશાની હાલતમાં દુર્વ્યવહાર કર્યો અને ગેરવર્તન કર્યું. હંગામા બાદ પોલીસે કેટલાક કુસ્તીબાજોને કસ્ટડીમાં લીધા છે. દરમિયાન પોલીસે પહેલવાનોના સમર્થનમાં લોકો એકત્ર થવા લાગતા જંતરમંતરને ચોતરફથી બંધ કર્યુ છે અને મીડિયાકર્મીઓને પણ બહાર કાઢ્યા હતા. રેસલર બજરંગ પુનિયાએ કહ્યું છે કે અમે જીતેલા મેડલ ભારત સરકારને પરત કરી દઈશું. જો દેશનું નામ રોશન કર્યા પછી પણ આ પ્રકારનું વર્તન થાય છે તો અમારે આ મેડલ જોઈતા નથી. દિલ્હી પોલીસ અને બ્રિજ ભૂષણના માણસો શરૂઆતથી જ આ ધરણાને કચડવા માંગતા હતા. ક્યારેક જાતિવાદ તો ક્યારેક પ્રાદેશિકવાદનું નામ આપવામાં આવી રહ્યું છે.જોકે પોલીસે મારામારીના સમાચારને નકારી કાઢ્યા હતા.રેસલર વિનેશે આરોપ લગાવ્યો કે પોલીસકર્મીઓ નશામાં હતા. તેઓએ મારી સાથે દુર્વ્યવહાર કર્યો અને નશામાં ધૂત પોલીસકર્મી ધર્મેન્દ્રએ તેની સાથે દુર્વ્યવહાર કર્યો.

### રાજ્યમાં તલાટી કમ મંત્રીની

## ૩૪૩૭ ખાલી જગ્યાઓ ભરવા માટે આગામી તા.૭ના રોજ ભરતી પરીક્ષાનું આયોજન

પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં તલાટી કમ મંત્રીની ૩૪૩૭ ખાલી જગ્યાઓ ભરવા માટે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આગામી ૭મી મે, ૨૦૨૩ના રોજ પરીક્ષા લેવામાં આવશે. આ ભરતી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે.ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રમંડળની બેઠક મળી હતી. બેઠકમાં ચર્ચાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પંચાયત સેવા વર્ગ-૩ની તલાટી કમ મંત્રીની ભરતી પરીક્ષા માટે રાજ્યના ૧૭.૧૦ લાખથી વધુ ઉમેદવારોએ નોંધણી કરાવી હતી, જે પૈકીના ૮,૬૪,૪૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે. રાજ્યના ગીર સોમનાથ, ડાંગ અને નર્મદા સિવાયના બાકી તમામ ૩૦ જિલ્લામાં ફાળવવામાં આવેલા કુલ ૨૬૯૪ પરીક્ષા કેન્દ્રોના ૨૮,૮૧૪ વર્ગખંડોમાં બેસીને ઉમેદવારો આ પરીક્ષા આપશે.મંત્રી શ્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં રાજ્યના વિવિધ બોર્ડ દ્વારા લેવાયેલી ભરતી પરિક્ષાઓમાં મોટા પ્રમાણમાં ઉમેદવારો ગેરહાજર રહેવાના કારણે બોર્ડ દ્વારા કરાયેલી વ્યવસ્થા વેડફાઈ હતી. આ ઘટનાનું પુનરાવર્તન ન થાય અને સારી વ્યવસ્થા ગોઠવી શકાય તે માટે ભરતી મંડળે ઉમેદવાર પરીક્ષા આપવાના છે કે કેમ તે અંગે અગાઉથી જ સંમતિ મેળવી લીધી છે. જે મુજબ રાજ્યના કુલ ૮,૬૪,૪૦૦ ઉમેદવારોએ પરીક્ષા આપવા માટે સંમતિ આપી છે.મંત્રીશ્રીએ તમામ ઉમેદવારોને પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, પરીક્ષા આપવા જતા ઉમેદવારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે ભરતી મંડળ દ્વારા જિલ્લા કક્ષાએ ઉમેદવારોના માર્ગદર્શન માટે હેલ્પલાઈન શરૂ કરી છે. આ ઉપરાંત ઉમેદવારો પરીક્ષા કેન્દ્રો સુધી સરળતાથી પહોંચી શકે તે માટે વધારાની બસો અને ટ્રેનોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## કેનેડાથી અમેરિકા ગેરકાયદેસર ઘૂસણખોરી મુદ્દે આખરે એજન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઈ

(એ.આર.એલ),મહેસાણા,તા.૪

કેનેડાથી ગેરકાયદેસર અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કરવાની વધુ એક ઘટનાનો મુદ્દો જેને લઈ સમગ્ર મામલે આખરે મહેસાણાના વસાઈ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.ગેરકાયદે વિદેશ જવાની લાલચમાં લોરેન્સ નદી પાર કરતી વખતે બોટ પલટી જતા દુર્ઘટના સર્જાઈ હતી. જેના કારણે તેમાં સવાર લોકોના મોત થયા હતા. મૃતકોમાં એક પરિવાર મૂળ મહેસાણાનો હોવાનું બહાર આવ્યું હતું. જેમાં આખરે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં હવે ફરિયાદ નોંધાઈ છે. મહત્વનું છે કે, જે તે સમયે કુલ ૮ લોકોના મોતની ખબર સામે આવી હતી. જેમાં ૪ લોકો ગુજરાતના હોવાનું પણ સામે આવ્યું હતું.

કેનેડાથી અમેરિકા ગેરકાયદેસર ઘૂસણખોરી દરમ્યાન ૪ વ્યક્તિના મોતનો મુદ્દો ફરી ભાર આવ્યો છે. કેનેડા થી ગેરકાયદે અમેરિકા જવા એક પરિવાર નીકળ્યો હતો. ત્યારે બનેલી ઘટનામાં એક માસ પહેલા વસાઈ માણેકપુરા ના ચૌધરી પરિવારનું મોત થયું હતું. સમગ્ર મામલે આખરે વસાઈ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. એજન્ટ દ્વારા આ ગુજરાતી પરિવારને વિદેશ જવાની લાલચ આપી હતી અને વ્યક્તિ દીઠ ૧૫ લાખ પડાવ્યા હતા. વડાસણ ના વિહોલ નિકુલજી શમરુંસિંહ, વિહોલ સચિન ગજેન્દ્રસિંહ અને દઢીયાળના ચાવડા અર્જુનસિંહ રણજીતસિંહ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આ એજન્ટો એ ફરિયાદી ચૌધરી અશ્વિનભાઈ વેલજીભાઈ પાસેથી રૂપિયા ૬૦ લાખ લીધા હતા. ૬૦ લાખમાં કેનેડા થી અમેરિકા બોર્ડર ક્રોસ કરાવવા વાયદો કર્યો હતો. એજન્ટ ના કહેવાથી ખરાબ વાતાવરણમાં જબરજસ્તી અનિચ્છાએ હોડીમાં બોર્ડર ક્રોસ કરાવા પ્રયત્ન કર્યો હતો. જે બાદ આ ઘટના ઘટી હતી.ઘટના સમયે રાત્રે પશ્ચિમ કેનેડામાં ન્યૂયોર્ક બોર્ડર પાસે ક્યુબેકમાં સર્જાયેલી દુર્ઘટનામાં કુલ ૮ના મોત થયા હતા. જેમાં તપાસ દરમિયાન ૬ મૃતદેહ અને ત્યારા બાદ બીજા દિવસે વધુ ૨ મૃતદેહ મળી આવ્યા હોવાના રિપોર્ટ્સ આપ્યા હતા. હોળી ઊંધી પડી જતા પરિવારના ૪ સભ્યોના મોત થયા હતા. મહત્વનુ છે કે અહી હતી કેનેડા અને કેનેડા થી અમેરીકા જવા માટે કોણે કોણે મદદ કરી સાથે કોણ કોણ એજન્ટ આ ઘટનામાં જોડાયા છે તે અંગે પણ હવે તપાસ મહેસાણા પોલીસ દ્વારા કરવામાં આવશે.

આ સમગ્ર રેકેટમાં કેનેડાથી અમેરિકા જવાના વ્યક્તિ દીઠ ૧૫ લાખ રૂપિયા નક્કી થયા હતા. મહત્વનુ છે કે કેનેડામાં ૫ વર્ષથી રહેતા સચિન વીહોલ નું ટેક્સી મારફતે આ તમામને અમેરિકા ઘુસાડવાનું સેટિંગ હતું તેવી વાત સામે આવી છે. આ અંગે ડિલ નક્કી થઈ એ સમયે સચિન વિહોલ વડાસણ હતો. જોકે ડીલ બાદ સચિન વિહોલ કેનેડા જઈને અમેરિકા જવાના સેટિંગ ની વ્યવસ્થા કરી હતી.

આ ગતનામાં મૃત્યુ પામેલો પરિવાર મહેસાણા જીલ્લામાં માણેકપુરા ખાતે રહેતો હતો. જેમાં પરિવારમાં ચૌધરી પ્રવીણભાઈ વેલજીભાઈ (૫૦વર્ષ), ચૌધરી દક્ષાબેન પ્રવીણભાઈ (૪૫ વર્ષ), ચૌધરી વિધીબેન પ્રવીણભાઈ (૨૩ વર્ષ), ચૌધરી મિતકુમાર પ્રવીણભાઈ (૨૦ વ) આ તમામ નું મોત નીપજયું હતું.મૃતક પરિવાર ગત ૩ જાન્યુઆરી એ કેનેડાના ટોરેન્ટો પહોંચી એરપોર્ટ પાસેની હોટલમાં રોકાઈ કોલ કર્યો હતો. આ બાદ એજન્ટ નિકુલસિંહાએ મૃતક પરિવારની વિનીપેંગ યુલ મોન્ટરિયલ જવાની ટીકીટ બુક કરાવી હતી. ૨૩ માર્ચ ૨૦૨૩ એ નિકુલ અને અર્જુનસિંહ ને ડીલ મુજબ ૬૦ લાખ ભોગ બનનારે આપ્યા હતા. જોકે ૨૩ માર્ચે મૃતક પરિવાર વિનીપેંગ યુલ મોન્ટરિયલ પહોચ્યું. જ્યાં લાઈન ક્લિયર નહિ થતા સચીને મૃતક પરિવાર ને એક સપ્તાહ ફેરવ્યા હતા.

## હિંમતનગર એલસીબીએ ૪૩ બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો, ૩ શખ્શો ઝડપાયા

(એ.આર.એલ),હિંમતનગર,તા.૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી બાઈક ચોરીએ લોકોને પરેશાન કરી દીધા છે. જેને લઈ સ્થાનિક જિલ્લા એસપી અને રેન્જ આઈજી દ્વારા વાહન ચોરીઓને અટકાવવા અને વાહન ચોર ટોળકીને ઝડપી લેવા માટે પ્રયાસો શરુ કર્યા હતા. આ દરમિયાન હિંમતનગર ન્ઝ્મ એ બાઈક ચોર ટોળકીને ઝડપી લેતા ૪૩ જેટલી બાઈક ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે ૨૭ જેટલી બાઈક આરોપી ટોળકી પાસેથી કબ્જે કરી છે.

જિલ્લામાં બાઈક ચોરી માથાના દુઃખાવા સમાન બની છે. મોટાભાગની ગેંગ સરહદી જિલ્લો હોઈ રાજસ્થાનથી આવીને બાઈક ચોરી કરીને રાજસ્થાનમાં વેચી દેતી હતી. પરંતુ છેલ્લા એક એક દોઢ વર્ષથી પોલીસને ધોંસ વિસ્તારમાં વધતા કેટલેક અંશે નિયંત્રણ કરાઈ રહ્યો છે. આ દરમિયાન મોટી ટોળકી પોલીસને હાથ લાગતા રાહત સર્જાઈ છે. એલસીબી દ્વારા હાથ લાગેલી આ ગેંગ દ્વારા મોટા ભાગે બનાસકાંઠા જિલ્લામાં પણ બાઈક ચોરીઓનો અંજામ આપ્યો હોવાનો ભેદ ખુલ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં ઈડર અને વડાલી વિસ્તારમાં ચોરી કરવા ઉપરાંત આરોપીઓએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને વડગામ જિલ્લામાં ચોરીઓને અંજામ આપ્યો હોવાનુ ઈડર ડીવાયએસપી સ્મિત ગોહીલે મીડિયાને જણાવ્યુ હતુ.

વિગતોનુસાર એલસીબી પીએસઆઈ એસજે ચાવડા અને ટીજે દેસાઈ બાતમીનુસાર પોશીના વિસ્તારમાં પનારી નદીના પુલ પર ઉભા રહેવા દરમિયાન શંકાસ્પદ બાઈક સવાર ૩ શખ્શો પસાર થયા હતા. તેમને રોકીને તેમની તપાસ કરતા તેઓ ચોરીના બાઈક સાથે હોવાનુ જણાયુ હતુ. બંનેને પોશીના પોલીસ સ્ટેશન લઈ જઈ પૂછપરછ હાથ ધરતા ચોરીના ભેદ એક બાદ એક ખૂલવા પામ્યા હતા. ત્રણેય યુવકોએ ૪૩ જેટલી ચોરીની બાઈકના ભેદ કબૂલ કર્યા હતા. જેમાંથી એક શખ્શે પોતાની સંતાડી રાખેલી ૧૬ બાઈક પોલીસને બતાવી હતી જેને મોટે ભાગે બનાસકાંઠાના દાંતા, પાલનપુર અને વડગામથી ચોરી કરી હતી. ઝડપાયેલ આરોપીઓમાં સીલારામ લસીયારામ બુબડીયા, રહે બાખેલ ખારાવલી ફળો, તા. કોટડા છાવણી, જિ. ઉદયપુર, રાજસ્થાન લાલારામ હીરારામ બુબડીયા, રહે. આંજણી, તા. પોશીના, જિ. સાબરકાંઠા મુકેશ ચુનાભાઈ ગમાર, રહે. ખણીયાગાઢી, ચંદ્રાણા, તા. પોશીના, જિ. સાબરકાંઠાનો સમાવેશ થાય છે જયારે ઝડપવાના બાકી આરોપીઓમાં લુકારામ લક્ષ્મણભાઈ બુબડીયા, રહે ઝાંઝર તા. કોટડા છાવણી જિ. ઉદયપુર, રાજસ્થાન. ગુડ્ડુ મુનીયારામ બુબડીયા, રહે બાખેલ, તા. કોટડા છાવણી જિ. ઉદયપુર, રાજસ્થાન. કમલ વિનીયારામ બુબડીયા, રહે કુકાવાસ, તા. કોટડા છાવણી, જિ. ઉદયપુર, રાજસ્થાન. અજય ધર્માભાઈ બુબડીયા, રહે ઝાંઝર તા. કોટડા છાવણી જિ. ઉદયપુરમ, રાજસ્થાન. દિલીપ ડાભી, રહે માંડવા. તા. કોટડા છાવણી જિ. ઉદયપુર, રાજસ્થાન. સવા ઉર્ફે ઓટા ખેર, રહે સાંઢમારીયા, તા. કોટડા છાવણી જિ. ઉદયપુર, રાજસ્થાન.કાળુ દીતાભાઈ બુબડીયા, રહે ઝાંઝર, તા. કોટડા છાવણી જિ. ઉદયપુર, રાજસ્થાનનો સમાવેશ થાય છે.

## સુરેન્દ્રનગરમાં પાંચ દિવસથી અંધારામાં રહેતા પાંચ ગામના લોકો

રાજયના મોટા ભાગના વિસ્તારમાં ૨૪ કલાકની વીજળી પુરી પાડવામાં આવે છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના પાંચ ગામ એવા છે, જે છેલ્લા પાંચ દિવસથી વીજળી વિના હાલાકીનો સામનો કરી રહ્યા છે. જેમાં વઢવાણના વેળાવદર, ધ્રાંગધ્રાના રાયગઢ, રાવળીયાવદર, મુળી તાલુકાના કળમાદ સહિત આજુબાજુના ગામોમાં છેલ્લા પાંચ દિવસથી વીજળી જ નથી. આ ઉપરાંત પંચાયતની મોટર બંધ હોવાથી પાણી માટે પણ મુશ્કેલી પડી રહી છે. વીજળી અને પાણી નહીં મળતા પાંચેય ગામના આગેવાનો પ્ફઝન્ના ઈજનેરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. અને આવેદનપત્ર આપી વીજળી અને પાણીની તંગી દૂર કરવા અપીલ કરી હતી. આ તરફ અધિકારીએ પણ ઉપરી કક્ષાએ રજૂઆત કરી તુરંત જ આ સમસ્યાને દૂર કરવામાં આવશે તેવી બાંહેંધરી આપી છે.

## કેનેરા બેંક દ્વારા દહેગામના જાલિયાનો મઠ અને ખાનપુર ગામ ખાતે સામાજિક સુરક્ષા કેમ્પ યોજાયો




ગાંધીનગર : બુધવાર

દહેગામ તાલુકાના જાળિયાનો મઠ તથા ખાનપુર ગ્રામ પંચાયત ખાતે જનસુરક્ષા અભિયાન અંતર્ગત સામાજિક સુરક્ષા કેમ્પનું આયોજન કેનેરા બેંક દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસ.બી.આઇ.ના નાણાકીય પરામર્શક શ્રી રમેશભાઇ પરમાર દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગ્રામજનોને આ યોજનાનો લાભ કેવી રીતે લઇ શકાય, કેમ લેવો જોઇએ તે વિશે દૃષ્ટાંતપૂર્વક વાત કરીને ગ્રામજનોને આ યોજનામાં જોડાવા ભારપૂર્વક જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કનેરાબેંક-જાલિયાના મઠ શાખાના મેનેજર શ્રી વિકી પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમાં એસ.બી.આઇ.ના સ્થાનિક મુખ્ય કાર્યાલય, અમદાવાદના શ્રીમતી રીની સિંઘ, લીડ બેંક મેનેજર, ગાંધીનગર શ્રી આદેશ જુનેજા, કેનેરા બેંકની ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલયના શ્રી સીતારામ, એ.ડી.સી. બેંક, ખાનપુરના શાખા મેનેજર અને ખાનપુર ગ્રામ પંચાયત સરપંચ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં બન્ને ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરના સેક્ટર - ૨૧ શાક માર્કેટના દબાણો દૂર કરાયા



ગાંધીનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની અંદર ગેરકાયદે દબાણો દૂર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત એસ્ટેટ શાખાની ટીમ દ્વારા આજે સવારે શહેરના સેક્ટર–૨૧ના શાક માર્કેટ તેમજ તેની આસપાસ દબાણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી શાકભાજી વેચનારા દ્વારા પાથરણા પાથરી તેમજ કેરેટ ગોઠવીને શાકભાજી વેચવામાં આવી રહી હતી, જેને કારણે રસ્તો સાંકળો થઇ જવાથી આવા-જવામાં મુશ્કેલી થતી હતી. જેને એસ્ટેટ શાખા દ્વારા આજરોજ આ દબાણો દૂર કરી જગ્યા ખાલી કરવામાં આવી હતી. આ ઉપરાંત શાક માર્કેટની આસપાસ ઊભી રહેતી સોડ-શરબતની લારીઓના દબાણો પણ દૂર કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશ દરમિયાન દબાણની ટીમે ૧૬ – લારી, અંદાજે ૧૫૦ જેટલા શાકભાજીના કેરેટ તેમજ ૩૦ - લોખંડના ટેબલ જપ્ત કરવામાં આવ્યા હતા.




Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

Jay Ambe
DR. R.J. Dave
PHD in Astrology and vastu Science.
BASED IN NADIAD ( GUJ.)
India's one of the top 10 Gold medalist, most reputed, International Astrologer

(Dave Guruji)
- Zonal Director ( Gujarat State ) International Human Rights Council
- Kheda Dist. President- Akhil Gujrat Astrological Society
- Honoured and awarded by various religious and social institutions.
- 3 Decades of social & Astrological Services
- Honoured by shree jagatguru Shankaracharyaji Maharaj
- More than one million satisfied Clients in 20 countries all over the world
- Millennium award winner
- Consult for your personal, Family, Social & finance Property litigations
- VASTU VISIT - Available at your house and other premises
- Popular for National and International Predictions
- You can come with your family for your solutions and satisfaction

We are visiting shortly to
AUSTRALIA, NEW ZEALAND, SUVA FIJI, CANADA & USA
Please forward this message to your friends, families, relatives, even other groups and needy people
Please leave your whatsapp message to us for appointments at the above countries
Main office -9 vrajbhumi Society, near Krishna Nagar, Pij road Nadiad.
Mo. & Whatsapp No. +91 99740 92777 Email-astroministry@gmail.com

# તંત્રી સ્થાનેથી...

## પીએફઆઈ અને બજરંગ દળ

*કર્ણાટકમાં આવતી વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં પ્રતિબંધિત જેહાદી સંગઠન પોપ્યુલર ફ્રંટ ઓફ ઈન્ડિયા એટલે કે પીએફઆઈની તુલના બજરંગ દળ સાથે કરતાં એના પર પ્રતિબંધ લગાવવાની વાત કરીને એ સ્પષ્ટ કરી દીધું કે તે લઘુમતી તુષ્ટીકરણની રાજનીતિ છોડવાની નથી. કોઈના માટે એ સમજવું મુશ્કેલ છે કે જે પીએફઆઈ પહેલેથી જ પ્રતિબંધિત છે એના પર કોંગ્રેસ ફરીથી પ્રતિબંધ કેવી રીતે લગાવશે? એનાથી મોટો પ્રશ્ન એ છે કે તેણે પીએફઆઈની તુલના બજરંગ દળ સાથે કરવાનું કેવી રીતે વિચાર્યું? જો કોંગ્રેસની નજરમાં બજરંગ દળ પીએફઆઈ જેવું જ સંગઠન હોય તો પછી રાજસ્થાન, છત્તીસગઢ અને હિમાચલ પ્રદેશની તેની સરકારો શું કરી રહી છે? તેમણે બજરંગ દળ પર પ્રતિબંધ કેમ ન લગાવ્યો? શું કોંગ્રેસ એ કહેવા માંગે છે કે બજરંગ દળ કર્ણાટકમાં તો પ્રતિબંધિત કરવા લાયક છે, પરંતુ હિમાચલ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં નહીં? રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા હોવાને કારણે કોંગ્રેસને બજરંગ દળ સામે ફરિયાદ હોઈ શકે, પરંતુ આખરે તેને પીએફઆઈ જેવું ખતરનાક સંગઠન કેવી રીતે કહી શકાય? ભલે કોંગ્રેસ માનતી હોય કે બજરંગ દળને પીએફઆઈ સાથે સરખાવી દેવાથી તેને ચૂંટણીમાં લાભ થશે, પરંતુ તેને લેવાના દેવા પડી શકે છે, કારણ કે તેણે બેઠાં બેઠાં જ ભાજપને એક મુદ્દો પકડાવી દીધો છે. તેણે જાણે-અજાણે એ પણ રેખાંકિત કર્યું કે તે પીએફઆઈની દેશવિરોધી હરકતોને બહુ હળવાશથી લઈ રહી છે. કદાચ તેણે એ તથ્ય સામે આંખ આડા કાન કર્યા કે આતંકી ગતિવિધિઓમાં લિપ્ત પીએફઆઈ ભારતને ઈસ્લામિક દેશ બનાવીને શરિયા લાગુ કરવાનાં સપનાં જોઈ રહ્યું હતું અને તેને પૂરું કરવા સક્રિય પણ હતું.*

*કોંગ્રેસ કે અન્ય કોઈ રાજકીય પક્ષને બજરંગ દળની રીતિ-નીતિથી અસહમતિ હોઈ શકે છે, પરંતુ તેના આધાર પર તેને પીએફઆઈ જેવું સંગઠન ન ગણાવી શકાય. તેમાં વાંધો નહીં કે કોંગ્રેસ એમ કહે કે તે કર્ણાટકમાં સત્તામાં આવતાં નફરત ફેલાવનાર સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી કરશે, પરંતુ આખરે એવું કહેતાં બજરંગ દળનો ખાસ ઉલ્લેખ કરવાની શી જરૂર પડી? આખરે તેની પાછળ લઘુમતી તુષ્ટીકરણની રાજનીતિ નથી તો બીજું શું છે? લઘુમતીઓ અને વિશેષ રૂપે મુસ્લિમ સમુદાયનું તુષ્ટીકરણ કરનારી નીતિઓને અપનાવીને કોંગ્રેસ પોતાનું સારું એવું રાજકીય નુક્સાન કરી ચૂકી છે, પરંતુ લાગે છે કે તે હજુ પણ એ સમજવા માટે તૈયાર નથી કે આજના સમયમાં આ રાજનીતિ માટે કોઈ સ્થાન નથી. કોંગ્રેસે જે રીતે બજરંગ દળને પીએફઆઈ જેવું ગણાવ્યું, તેનાથી રાહુલ ગાંધીનું એ આકલન યાદ આવી ગયું, જેમાં તેમણે અમેરિકી રાજદ્વારી સાથે ચર્ચા કરતાં લશ્કર અને જૈશ જેવા ખૂંખાર સંગઠનો કરતાં ય વધુ ખતરનાક હિંદુવાદી સંગઠનોને ગણાવ્યા હતા. લાગે છે કે કોંગ્રેસ રાહુલ ગાંધીની એ માનસિકતામાંથી બહાર આવવા તૈયાર નથી.*

### ૨૦૧૪માં કહ્યું હતું કે કાશ્મીરની એક-એક ઈંચ જમીન લેશું

# પાકિસ્તાનના વિદેશમંત્રી ગોવા પહોંચ્યાઃ હું અહીં આવીને ખૂબ જ ખુશ છું; બિલાવલ ભુટ્ટો



(એ.આર.એલ),પણજી,તા.૪

એસસીઓની બેઠકમાં ભાગ લેવા માટે પાકિસ્તાનના વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારી ગોવા પહોંચ્યા છે તેઓ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. ભારત પહોંચ્યા બાદ તેમણે કહ્યું હતું, 'હું ગોવા આવીને ખૂબ જ ખુશ છું, મને આશા છે કે એસસીઓની બેઠક સફળ રહેશે'.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૭ વર્ષથી કોઈ વાતચીત થઈ નથી. એટલા માટે બધાની નજર બિલાવલ ભુટ્ટોની આ મુલાકાત પર છે. બિલાવલ પાકિસ્તાનના એકમાત્ર મહિલા વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોના પુત્ર છે. તેઓ એપ્રિલ ૨૦૨૨માં ૩૩ વર્ષની વયે પાકિસ્તાનના સૌથી યુવા વિદેશમંત્રી બન્યા હતા. ત્યાર બાદ તેમણે ભારતને લઈને ૫ વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે.

આ પહેલાં તેમણે એક વીડિયો જાહેર કર્યો હતો, જેમાં કહ્યું હતું કે- આ મીટિંગમાં ભાગ લેવાનો મારો નિર્ણય દર્શાવે છે કે એસસીઓ પાકિસ્તાન માટે કેટલું મહત્ત્વનું છે. હું સભ્ય દેશોના વિદેશમંત્રીઓ સાથે ચર્ચા કરવા આતુર છું.બિલાવલ ૧૨ વર્ષ બાદ ભારતની મુલાકાત લેનારા પાકિસ્તાનના પહેલા વિદેશમંત્રી છે. અગાઉ ૨૦૧૧માં પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી હિના રબ્બાની ખાર ભારત આવ્યાં હતાં. ગુરુવારે વિદેશમંત્રી એસ. જયશંકર એસસીઓના જનરલ સેક્રેટરી ઝાંગ મિંગને મળ્યા હતા. તેમણે કહ્યું- ભારતની અધ્યક્ષતામાં એસસીઓનું ધ્યાન સ્ટાર્ટઅપ્સ, પરંપરાગત દવા, યુવા સશક્તીકરણ અને વિજ્ઞાન અને ટેકનોલોજી પર છે.

૧૫ ડિસેમ્બરે, બિલાવલે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કહ્યું - ઓસામા બિન લાદેન મરી ગયો છે, પરંતુ ગુજરાતનો કસાઈ હજુ પણ જીવિત છે અને તે ભારતના વડાપ્રધાન છે. ભુટ્ટોના આ નિવેદનનો ભારતે સખત વિરોધ કર્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે કદાચ ભુટ્ટો ૧૯૭૧ને ભૂલી ગયા છે, જ્યારે ૯૦,૦૦૦થી વધુ પાકિસ્તાની સૈનિકોએ ભારતીય સેના સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. એ જ સમયે ભારતનાં વિદેશ રાજ્યમંત્રી મીનાક્ષી લેખીએ કહ્યું હતું કે બિલાવલ નિષ્ફળ દેશનો પ્રતિનિધિ છે અને તે પોતે પણ નિષ્ફળ ગયો છે. આતંકવાદી માનસિકતા ધરાવતા લોકો પાસેથી તમે વધુ શી અપેક્ષા રાખી શકો.

બિલાવલ ભુટ્ટોએ ૧૮ ડિસેમ્બરે કહ્યું હતું - હું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તેમની પાર્ટી ભાજપ અને આરએસએસથી ડરતો નથી. પીએમ મોદીને કસાઈ કહેવાના નિવેદન પર સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું હતું કે- તેમનો ઉદ્દેશ ભારતમાં મુસ્લિમો પ્રત્યે ચાલી રહેલા ભેદભાવ અને નફરત સામે અવાજ ઉઠાવવાનો હતો. આવી સ્થિતિમાં તેમની સામે વિરોધ કરવાને બદલે નફરત અને ભેદભાવ સામે અવાજ ઉઠાવવો વધુ સારું રહેશે.

બિલાવલે ૨૦૧૪માં પહેલીવાર કાશ્મીર મુદ્દે નિવેદન આપ્યું હતું. તેમણે પીપીપી કાર્યકર્તાઓને કહ્યું હતું - હું આખું કાશ્મીર પાછું લઈ લઈશ. હું એનો એક ઈંચ પણ ભારત માટે નહીં છોડું, કારણ કે કાશ્મીર માત્ર પાકિસ્તાનનું છે. પાકિસ્તાનના અન્ય પ્રાંતોની જેમ કાશ્મીર પણ આપણું છે. ત્યારથી બિલાવલે કાશ્મીરનો મુદ્દો ઘણી વખત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ઉઠાવ્યો છે, પરંતુ પાકિસ્તાન એને ક્યારેય યુએનના એજન્ડામાં સામેલ કરી શક્યું નથી. ૧૧ માર્ચે, બિલાવલે યુએનની બેઠકમાં કહ્યું હતું - કાશ્મીરના મુદ્દાને યુએનના એજન્ડામાં સામેલ કરવો અમારા માટે એક મોટું કામ છે. ભારતની કૂટનીતિ આનું કારણ છે. ભારતના સખત વિરોધ અને કાશ્મીર પર પહેલેથી જ બનાવટી વાતોના કારણે તેઓ તેને ખૂબ જ નક્કર રીતે રાખે છે.

મે ૨૦૨૨માં પાકિસ્તાનના વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ખુલ્લી ચર્ચામાં જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાનો અને સીમાંકન પંચના આદેશનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કાશ્મીરી લોકો પર ભારતમાં જુલમ અને અત્યાચારનો આરોપ પણ લગાવ્યો હતો. એ સમયે ઝરદારીએ કહ્યું હતું કે ભારત સાથે વાતચીત કરવી અમારા માટે ખૂબ મુશ્કેલ બની ગયું છે.

બિલાવલ ભુટ્ટો પહેલીવાર ૧૩ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સંસદસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ૨૭ એપ્રિલ ૨૦૨૨ના રોજ પાકિસ્તાનના ૩૭મા વિદેશમંત્રી તરીકે શપથ લીધા હતા. ૨૦૦૭માં બિલાવલની માતા બેનઝીર ભુટ્ટોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ત્યારથી તેઓ પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના અધ્યક્ષ છે. ત્યારે બિલાવલ માત્ર ૧૯ વર્ષના હતા.

## ગુજરાતી અને હિંદી ફિલ્મોમાં પોતાની કલાનો જાદુ પાથરનાર લાંબી ઈનિંગ રમનાર અરુણા ઈરાની



૯૬૧ની દિલીપકુમારની ગંગા જમનાથી લઈ ૨૦૨૩ સુધી જેની લાંબી કારકિર્દી છે ૬૦ વરસથી વધારે રંગભૂમિ ટેલિવિઝન અને બોલીવુડમાં સક્રિય છે એવા અરુણા ઈરાની ૮ ભાઈ બહેનોમાં સૌથી મોટા છે અંગત જીવન સરળ સાદગી સંસ્કારી છે. અરુણા ઈરાનીએ આશરે ૩૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે આપણા સુપરસ્ટાર અમિતાભ બચ્ચનની પહેલી હીરોઈન અરુણા ઈરાની હતા મહેમુદના કહેવાથી અરુણા ઈરાની અમીતાબ બચ્ચનની પહેલી હીરોઈન બન્યા હતા ફિલ્મ હતી બોંમ્બે ટુ ગોવા ફિલ્મ હિટ ગઈ હતી .અરુણાએ ઘણી બધી ફિલ્મોમાં મોટેભાગે સહાયક સહ કલાકાર તરીકે ભૂમિકાઓ કરી છે અરુણાના નામે કેટલીક હીટ ગુજરાતી ફિલ્મો પણ બોલે છે જેમાં મુખ્ય ભૂમિકામાં અરુણા રીતસર છવાઈ જતા હતાં અરુણા ઈરાણીની ગુજરાતી ફિલ્મો જોનાર એક આખો અલગ વર્ગ હતો ગુજરાતી ફિલ્મોમાં અરુણા એકલે હાથે ૫/૭ વિલનોને પછાડતી હતી તે વખતે સીનેરસિકો ખુરશી પરથી ઊભાં થઈ તાળીઓના ગડગડાટથી અરુણાને વધાવી લેતા હતાં.તે વખતે અરુણા ગુજરાતી ફિલ્મોમાં જીવન પુત્ર કિરણકુમાર સાથે ખાસ જોવા મળતી હતી અરુણાની એક ગુજરાતી ફિલ્મ વારંવાર જોનાર દર્શક વર્ગ હતો . અરુણાને બે વખત બેસ્ટ સહાયક રોલ તરીકેના ફિલ્મફેર એવોર્ડ મળ્યા છે.૧૯૮૫ ની પેટ પ્યાર ઓર પાપ અને હોમ પ્રોડક્શન ભાઈ ઈન્દ્રકુમારની અનિલ અને માધુરીવાલી બેટા માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીના એવોર્ડ મળી ચુક્યા છે. જાન્યુઆરી ૨૦૧૨ માં અરુણાને ફિલ્મ ફેર લાઈફ ટાઈમ એવીચમેન્ટ ફિલ્મફેર પુરુસ્કાર પણ મળી ચૂકયી છે. અરુણાની ફિલ્મોની યાદી ખુબ લાંબી છે.ગંગા જમના બેટા ઓલાદ હમજોલી બોમ્બે ટુ ગોવા નયા જમાના બોબી કારવા ખુન પસીના સુહાગ કર્તવ્ય ગુલામે મુસ્તુફા રોટી કપડાં ઓર મકાન ચરસ લાવરીશ ઘર એક મંદિર શહેનશાહ ફૂલ ઓર કાંટે વિગેરે અરુણા નાના મોટા તમામ રોલ નિભાવી જાણતા હતા હજુ અરુણા કહે છે સારો રોલ મળે સારી ભુમિકા મળે તો કરવી છે

અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત

## રોગ અનુસાર દેશી ગાયના ઘીનો ઉપયોગ

દેશી ગાયના ઘીના વિવિધ ઉપયોગ પ્રાચીન સમયથી દર્શાવવામાં આવ્યા છે. જ્યાં કદાચ એલોપેથી દવાનો ઉપયોગ પણ નિષ્ફળ નીવડે ત્યાં દેશી ગાયનું ઘી અવશ્ય કામ કરે છે અને રોગનું ચોક્કસ નિદાન કરે છે. ગાયનું ઘી નાકમાં નાખવાથી ગાંડપણ દૂર થાય છે તેમજ કોઈપણ પ્રકારની એલર્જી પણ દૂર કરી શકે છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી લકવા રોગનું નિદાન થાય છે. ૨૦ થી ૨૫ ગ્રામ ગાયના ઘી સાથે સાકર મિશ્ર કરીને લેવાથી દારૂ, ભાંગ કે અન્ય કોઈપણ નશા છોડાવી શકાય છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી કાનના પડદા ઓપરેશન વગર ઠીક કરી શકે છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી દિમાગ તરોતાજા રહે છે. કોમામાં રહેલી વ્યક્તિના નાકમાં ઘી નાખવાથી તેની ચેતના પાછી આવે છે. હાથ અને પગમાં જો બળતરા થતી હોય તો ગાયનું ઘી પગના તળિયા પર ઘસવું અસરકારક બને છે. જો એડકી સતત આવતી હોય તો અડધી ચમચી ગાયનું ઘી લેવાથી એડકી બંધ થઈ જશે.ગાયનું ઘી દરરોજ લેવાથી કબજિયાત અને એસિડિટીની સમસ્યા નિવારી શકે છે. ગાયનું ઘી શક્તિ અને વીર્ય વધારે છે તેમજ શારીરિક અને માનસિક શક્તિમાં પણ વધારો કરે છે. ગાયના ઘીને બાળકોની છાતી અને પીઠ પર માલિશ કરવાથી કફની સમસ્યા દૂર થાય છે. જો વધારે અશક્તિ લગતી હોય તો એક ગ્લાસ દૂધમાં એક ચમચી ગાયનું ઘી અને સાકર નાખીને પીવાથી રાહત મળે છે. ગાયના ઘી દ્વારા શરીરમાં કેન્સરના કોષ જન્મતા અટકે છે આ ઉપરાંત શરીરમાં કેન્સરને ફેલાતું અટકાવે છે. જે વ્યક્તિને હૃદય રોગની તકલીફ હોય અને તેલવાળું ખાવાની મનાઈ હોય એ વ્યક્તિ દ્વારા ગાયના ઘીના સેવનથી હૃદય મજબૂત થાય છે. દેશી ગાયના સેવનથી આંતરડા અને સ્તનના કેન્સરથી બચી શકાય છે. ગાયનું ઘી,છાલ સાથે પીસેલ કાળા ચણા તેમજ દળેલી ખાંડને મિશ્ર કરીને લાડુ બનાવી,દરરોજ સવારે એકદમ ચાવીને તેમજ હુંફાળું ગરમ દૂધ લેવાથી સ્ત્રી રોગમાં રાહત મળે છે તેમજ પુરુષોનું શરીર બળવાન બને છે. ગાયનું ઘી વજન સંતુલિત રાખવામાં મદદરૂપ થાય છે,ઉપરાંત કોલેસ્ટ્રોલ પણ નિયંત્રણમાં રહે છે. સવારના સમયમાં ગાયનું ઘી નાકમાં નાખવાથી માઈગ્રેનની સમસ્યા દૂર કરી શકાય છે. માથું દુખવાને કારણે શરીરમાં ગરમી થતી હોય છે,ગાય ના ઘીને પગના તળિયે ઘસવાથી માથાના દુખાવામાં રાહત થાય છે. ઠંડા પાણીમાં ગાયનું ઘી નાંખીને ઘીને પાણીથી અલગ કરવું, આ પ્રક્રિયા લગભગ ૧૦૦ વાર કરવી. ત્યારબાદ તેમાં થોડું કપૂર નાખવું. આ પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતું ઘી એક ઔષધિ બનશે જે ચામડીના રોગ માટે અતિ અસરકારક છે. આ મિશ્રણ સોરાઈસીસ માટે પણ અસરકારક છે. જો ગાયના ઘીની થોડીક બૂંદ દિવસ દરમ્યાન નાકમાં નાખવામાં આવે તો શરીરના ત્રિદોષ એટલે કે વાત્ત,પિત્ત અને કફને નિયંત્રણમાં લાવી શકાય છે. વંદે ગૌ માતરમ્



**-મિતલ ખેતાણી**

## ચાલ છે!!

કેવા રતૂમડા ભરેલા ગાલ છે,
શિકાર કરવાની રૂપાળી ચાલ છે.

હૃદયમાં કયારનું છાનુછપનું
ધકધક થાય આ શેની બબાલ છે?

કેવા વાંકડિયા કેશ-વાળ હતા,
સઘળા ખરી પડયા ,હવે ટાલ છે.

આખા અખરોટ તોડે તેવા દાંત,
દાંતના ચોકઠાંનો બચેલો માલ છે.

સૂતેલા સિંહને શિકાર મળે તો રૂડું શું?
સિંહને શિકાર કરવાનો આલ છે.

મદિરા,સુરાહી, સાકી, શબાબ,મયખાના,
ભરતને હરીથી દૂર રાખવાની બબાલ છે.

**-ભરત વૈષ્ણવ**

## વલ્લભ વેદાંત દર્શન-૫

**લેખનઃ ભરત સાંગાણી**



પુષ્ટિ સંપ્રદાયના શ્રીમદ વલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલનાથજી જે એક મહાન પરંપરાની સ્થાપનાર્થે પ્રગટ થયાં. તેઓના પ્રાગટય સંદર્ભમાં શ્રીમદ ભગવદ્ ગીતાનો જાણીતો શ્લોક ★×યદા યદા હી ધર્મસ્ય×★ યાદ આવી જાય છે.

પંદરમી સદીનો એ કાળ અંધાધૂંધીનો, પાખંડનો અને ધર્માંધતાનો હતો. ઉત્તર ભારત પર મુસ્લિમ રાજાઓની જોહુકમી ચાલતી હતી અને સામાન્ય અબુધ લાચાર જનતાની યાતનાનો કાળ હતો.દક્ષિણ ભારતમાં એ સમયે વેદ ધર્મના પાલકોનું રાજ્ય હતું.

પવિત્ર ભારતવર્ષની પુણ્યસલિલા કૃષ્ણા નદીના તટ પ્રદેશનો ભાગ 'તેલંગ પ્રદેશ'ના નામથી આજે ઓળખાય છે. એ પ્રદેશ કાલેશ્વર, શ્રી શૈલ અને ભીમેશ્વર નામના ત્રણ પર્વતોથી ત્રિલિંગ અથવા ત્રિકલિંગ નામથી જાણીતો હતો. તેલંગપ્રદેશના આડબીડું જિલ્લામાં વ્યોમસ્થંભ પર્વતની પાસે કૃષ્ણા નદીની દક્ષિણે કાકરવાડ કે કાંકુરભર નામક એક સમૃદ્ધ નગર હતું. એ નગરના પરિસરમાં શ્રોત સ્માર્ત કર્મઠ વિદ્વાન બ્રાહ્મણોની એક જાતિ નિવાસ કરતી હતી. આ કુળના બ્રાહ્મણો, યજ્ઞયાજ્ઞાદિકર્મ પરાયણ અને સાત્વિક વૃત્તિથી પોતાનો જીવન નિર્વાહ કરતાં હતાં. આ બ્રાહ્મણ જાતિમાનું એક કુટુંબ 'વેલનાટ' અથવા 'વૈલ્લનાડું'ના નામના એ વિસ્તારમાં ખૂબ જ જાણીતું હતું અને સંપૂર્ણ વૈષ્ણવી પરંપરાનું હતું. યજુર્વેદાનાર્ગત તૈત્તરીય શાખાધ્યાયી ભારદ્વાજ ગોત્રી હતું. કુલદેવી રેણુકા અને આરાધ્ય દેવ આ કુળના શ્રીકૃષ્ણ હતાં.

શ્રીવલ્લભના પૂર્વજોમાં યજ્ઞ નારાયણ ભટ્ટ નામના એક સંત ઋષિ સમા વૈષ્ણવપંથી બ્રાહ્મણ અને એના પત્ની નર્મદા સાથે ધાર્મિક સંતોષી જીવન જીવતાં પ્રભુનું નામ લેતાં વસતા હતા.

એક સાંજે યજ્ઞ નારાયણ ભટ્ટજી સંધ્યાવંદન કરી કૃષ્ણા નદીના તટ પર બેઠા બેઠા ઉદાસ ચિત્તે વહેતી નદીના શાંત જલપ્રવાહને નીરખી રહ્યાં હતાં ત્યાં જ ઘૂમતા, ફરતાં એક અલ્લડ અલગારી દ્રાવિડ સંત શ્રીવિષ્ણુ મુનિ ઓચિંતા આવી ચડે છે અને યજ્ઞનારાયણજીની ઉદાસીનતાનું કારણ પૂછે છે.

× મહારાજ આજના કલિકાલમાં અબુધ, અજ્ઞાની પ્રજાને એના માનવ રાહબરની રાહ ક્યાં સુધી જોવાની?×

×વત્સ મારું મન કહે છે કે તારા કુળમાં સો સોમયજ્ઞો થશે તો ખુદ ભગવાનને માનવ રાહબર બની પ્રગટવું પડશે.×

યજ્ઞનારાયણ ભટ્ટજી હર્ષાન્વીત થઈ ગયા. અલગારી વિષ્ણુ મુનિ સો સોમયજ્ઞ તેમના કુળમાં સંપાદિત થાય તેવા આશીર્વાદ આપી હસતા હસતા ચાલી નીકળ્યા.

યજ્ઞનારાયણ ભટ્ટજીએ એક પછી એક એવા બત્રીસ સોમયજ્ઞો કર્યા ત્યારે બત્રીસમાં યજ્ઞની પુર્ણાહુતી વખતે યજ્ઞવેદીમાંથી પીળું પિતામ્બર ધારણ કરેલું મેઘશ્યામ જેવું ભગવદ સ્વરૂપ પ્રગટ થયું અને ભટ્ટજીને કશુંક માંગવાનું કહ્યું, ત્યારે વિહ્વળ હૃદયે ભટ્ટજીએ એક જ દાન માંગતા વિનંતી કરતાં કહ્યું, × પ્રભુ આ કળિયુગમાં ભક્તિનું દાન આપો.× યજ્ઞનારાયણજીની નિષ્કામ ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાને વરદાન આપતાં ઈચ્છા પ્રગટ કરતાં કહ્યું: × હું તમને વચન આપું છું કે તમારા વંશમાં સો સોમયજ્ઞો પુરા થશે ત્યારે આપદધર્મની રક્ષા કરવા હું પોતે પ્રગટ થઈશ.×

યજ્ઞનારાયણજીના સદગુણ સંપન્ન પુત્ર ગંગાધર સોમયાજીએ સોમયજ્ઞોની પરંપરા આગળ વધારી બીજા અઠ્ઠાવીસ સોમયજ્ઞો કર્યા, જેથી તેઓ સોમયાજી કહેવાયા.

ગંગાધરજીના પુત્ર ગણપતિ પણ બાપ કરતાં બેટા સવાયા થયાં. દાદા અને પિતાને પગલે ગણપતિ ભટ્ટે પણ ત્રીસ સોમયજ્ઞો કર્યા.

ગણપતિ ભટ્ટજીના વલ્લભ નામના પુત્રે પાંચ સોમયજ્ઞ કર્યા. તેમને બે પુત્રો લક્ષ્મણ ભટ્ટ અને જનાર્દન ભટ્ટ. વિદ્યાનગરના રાજ પુરોહિત સુશર્માજીએ પોતાની બે કન્યા યલ્લમાગારુ અને ઈલ્લમાગારૂ લક્ષ્મણ ભટ્ટજી સાથે પરણાવી હતી.

લક્ષ્મણ ભટ્ટજીએ એના હાથે સોમયજ્ઞ કરી સો સોમયજ્ઞોની પરંપરા પુરી કરી. પરંતુ ભગવદ અવતાર થયો નહીં.

ખિન્નતા સાથે તેઓ જીવન વિતાવતાં હતાં. તેઓ અને પત્ની ઈલ્લમાગારૂ સાથે સંઘ સાથે યાત્રાએ નીકળ્યા હતા. રસ્તામાં લક્ષ્મણ ભટ્ટજીને એક રાત્રે ભગવાને સ્વપ્નમાં આજ્ઞા કરી કે ' હું તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈશ અને તે પુત્રને આ પ્રસાદી તાંબુલ જન્મ ઘૂંટીમાં પાય માલા ઉપરણા ઓઢાડજો.'

આ વાત સાંભળી ઈલ્લમાગારૂ ખૂબ રાજી થયાં અને પ્રભુના પ્રાકટ્ય દિનની આતુરતાપૂર્વક રાહ જોતાં કાશી આવી હનુમાનઘાટ ઉપર મુકામ કર્યો.

થોડા દિવસ પછી અચાનક મલેચ્છો કાશી પર ચઢી આવ્યા. આથી સંઘ સાથે ગામ છોડી નીકળી ગયાં. ઘણાં ગામો વટાવતાં, ભાગદોડમાં તેઓ ચૈત્રવદ અગિયારસની સંધ્યાકાળે ચંપારણ્યના ગાઢ જંગલમાં સંઘમાંથી છુટા પડી અંધકારમાં આથડતા હતા ત્યારે જ ઈલ્લમાગારૂને પેટમાં પીડા ઉપડી અને ભટ્ટજી મહાનદીના તીર પર આવેલાં શમી વૃક્ષ નીચે બેઠાં ત્યારે આઠમા માસે ગર્ભનો પ્રસવ થયો. અંધકારમાં બાળકને મરેલો જાણી સાડીમાં વીંટી પત્રોનું ઢાંકણ કરી શમી વૃક્ષની બખોલમાં ગર્ભને રાખી આગળ ચાલી નીકળ્યા. એક મુકામે પહોંચ્યા. અર્ધરાત્રીએ, ત્યાં, સપનામાં ભગવાને લક્ષ્મણ ભટ્ટજીને આજ્ઞા કરતાં કહ્યું કે 'મારું પ્રાગટય થઈ ચૂક્યું છે અને તમે મુકેલા શમીવૃક્ષમાં હું છું.' ભટ્ટજી અને ઈલ્લમાગારૂ હર્ષિત થઈ ચંપારણ્યમાં પાછાં ફરી શમી વૃક્ષ પાસે આવ્યાં, જોયું તો બખોલમાં બાળક-પ્રભુ ખિલખિલાટ હસતાં હતાં અને વૃક્ષની આજુબાજુ અગ્નિજવાળા વર્તુળાકારમાં ઝળહળતી હતી. માનું માતૃત્વ છલકી ઉઠ્યું અને ભટ્ટજીને પૂછ્યા વગર શમીવૃક્ષ તરફ ધસી ગયા. અગ્નિનીજવાળાએ એમને માર્ગ કરી આપ્યો. બાળકને છાતી સરસો ચાંપી ઈલ્લમાગારૂ બહાર આવ્યા.

પતિ પત્નીના હર્ષનો કોઈ પાર ન હતો.

આનંદથી ચૌડાનગરમાં, જ્યાં રાત્રી મુકામ કર્યો હતો ત્યાં પ્રવેશ્યા ત્યારે સુજલામ સુફલામ ધરતી પર ઉષાના કિરણો પ્રસરી રહ્યાં હતાં, મીઠો મધુરો પવન સ્મિત કરી રહ્યોં હતો.

આ દૈવી બાળકને જોતાં નગરના લોકો આનંદથી નાચી ઉઠ્યાં અને શ્રીવલ્લભના પ્રાગટ્યના વધાઈ ગાતાં ગાતાં ગાંડતુર બની ગયાં.

બાલ વલ્લભને લઈ લક્ષ્મણ ભટ્ટ પરત કાશી આવ્યા. પુત્રના લક્ષણ પારણામાંથી પરખાય. અલ્પ વયમાં જ આપે ચારેય વેદ, ષડદર્શન, ઉપરાંત શંકરાચાર્ય, રામાનુજ, નિમ્બાર્ક, મધ્વાચાર્ય તેમ જ બૌદ્ધ-જૈન ઈત્યાદિ વિચારધારાઓનો સર્વાંગ અભ્યાસ પૂરો કરી વિદ્ધવતા પ્રાપ્ત કરી લઈ પોતાની બુદ્ધિમતાનો પરિચય આપ્યો.

પ્રભુ આજ્ઞાથી આપ પ્રકટયા અને પ્રભુ આજ્ઞાથી આપે લીલા સંકેલી લીધી. પરંતુ જ્યાં સુધી ભૂતલ પર ભૌતિક દેહ ધારણ કરીને આપ રહ્યા ત્યાં સુધીમાં આપે પુષ્ટિ જીવોને શરણે લીધા; શ્રીમદ ભાગવત ઉપર સુબોધિનીજી ટીકા લખી અને પછી આસુરવ્યામોહ લીલા કરી ભૂતલ ઉપરથી તિરોધન થઈ ગયા.

આપ ભૂતલ પર જેટલાં વરસ રહ્યા તે દિવ્ય જીવનના વરસો દરમિયાન ધર્મયુગ પ્રવર્તક આપે સંજીવની જલ છાંટી વૈષ્ણવ સંપ્રદાયનું ઉત્તથાન કર્યું, આર્યવર્તને સોહામણો કર્યો, અંશોને પ્રકાશિત કર્યા. તે વલ્લભની ભૂતલ યાત્રા તેમનો ગૃહસંસાર, ગ્રંથોનું પ્રાગટય, ભક્તિમાર્ગના સ્થાપન તરફ આપણે આગળ વધશું.

શ્રીવલ્લભનો વિદ્યાભ્યાસ કેવળ અગિયાર વરસની વયે પૂરો થયો.

અંતરમાં ઉદભવેલી વિચારધારા ધીમે ધીમે શાસ્ત્રોના અભ્યાસ દ્વારા તેમના અંતરમાં પુષ્ટ થવા માંડી. ધર્મનું એક સ્વરૂપ વેદ, બ્રહ્મસૂત્ર, શ્રીમદ ભગવદ ગીતા અને શ્રીમદ ભાગવતના અભ્યાસ પછી શ્રીવલ્લભના અંતરમાં ઘડાવા માંડ્યું. ત્યારે અવકાશના સમયે આપશ્રી આપના સહધ્યાયીઓને પોતાનો એ સિદ્ધાંત સમજાવતાં. આમ, અભ્યાસ કાળ દરમ્યાન શ્રીવલ્લભે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની રૂપરેખા મનમાં વિચારી લીધી હતી.

જો કે શ્રીવલ્લભની પોતાની આ વિચારધારા ×શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ× એવું નામ તો પાછળથી શ્રીલાલુભટ્ટે પ્રતિપાદિત કર્યું જે સૌને સ્વીકાર્ય બન્યું.

શ્રીવલ્લભ ઘણીવાર કૃષ્ણા નદીનાં કિનારે એકાંતમાં એકાદ છોકરના વૃક્ષ તળે બેસી એની આજુબાજુ વિસ્તરેલી વનશ્રીની સૌન્દર્યલીલામાં લીન થઈ જતાં બોલી ઉઠતાં 'વાહ રે મારાં મુરલીધર, નટખટ નંદલાલ શી તે લીલા સર્જી છે અને એ લીલામાં રમણ કરતાં તું પોતે પવન, પાણી તું, વૃક્ષ તું, વેલી તું, આકાશ પણ તું મને તો બધે તું જ તું જ દેખાય છે. મારા વ્હાલા, 'એકોઅહં બહુ શ્યામ' એકમાંથી અનેકમાં વિસ્તરેલા બાલમુકુંદનું અને તારૂં જગત અલગ નથી.

બ્રહ્મ, જગત અને માનવ જીવ વચ્ચે હકીકતમાં કોઈ જ ભેદ નથી. ત્રણેય સ્વરૂપ એક જ છે અને પરિણામે અદ્વૈત છે. સત્ય છે, શુદ્ધ છે.

શ્રીવલ્લભે ભક્તિમાર્ગને સેવા દ્વારા પુષ્ટ કર્યો . શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ, પુષ્ટિમાર્ગ અને સેવામાર્ગ ત્રણેય એક જ છે.

શ્રીવલ્લભે અગિયાર વરસની નાની ઉંમરે પિતાશ્રી લક્ષ્મણ ભટ્ટના અક્ષરધામ પધાર્યા પછી પોતાની વિશિષ્ટ વિચારધારાના પ્રસારાર્થે ભારતનાં પવિત્ર સ્થળો - તીર્થોની યાત્રા કરવાનો નીર્ધાર કર્યો.

તીર્થ સ્થળોમાં ગામ બહાર મુકામ કરતાં, ભાગવતાદિ ગ્રંથોનું પારાયણ કરતાં અને જે તે પ્રદેશના વિદ્ધવાન પંડિતો સાથે ધર્મચર્ચા કરી પોતાના વિચારોથી પ્રભાવિત કરતાં. તેમની વિદ્ધવતાની ઊંડી અસર લોકો ઉપર પડતાં તેઓ તેમને 'બાલ સરસ્વતી' નામે સંબોધવા લાગ્યાં.

તેમણે ત્રણ યાત્રાઓ પગે ચાલીને ભારતભરમાં કરી.

ભારતની ઉત્તરે બદ્રીકેદારનાથથી દક્ષિણમાં રામેશ્વર અને પૂર્વમાં ગંગાસાગરથી પશ્ચિમમાં દ્વારકા પર્યંતના સ્થળોમાં ભ્રમણ કર્યું. પરંતુ તેમાં બંગાળ અને કાશ્મીરનો સમાવેશ થતો નથી. પરંતુ તેનો અર્થ એવો નથી કે આપશ્રી તે પ્રદેશોના લોકથી પરિચિત ન હતાં. કેશવ કાશ્મીરી તથા બંગાળના મહાપ્રભુ ચૈતન્ય દેવ જેવા સંતો અને ભક્તો પણ તેમની પ્રતિભાથી આકર્ષાય તેમને મળવા પધારતાં.

આપશ્રી પ્રથમ અને દ્વિતીય પરિક્રમા બ્રહ્મચારી તરીકે કરી. તે દરમિયાન આપશ્રીનો પહેરવેશ એક બ્રહ્મચારીને યોગ્ય હતો. કટી પર લંગોટ અને તેના પર શ્વેત ધોતી અને શરીરના ઉપરના ભાગમાં શ્વેત વસ્ત્ર ઓઢતાં. પગમાં પાવડી, હાથમાં કમંડળ અને બીજા હાથમાં પલાશનો દંડ, બગલમાં દર્ભનું આસન અને ભાગવતનું પુસ્તક!

કેટલાક ચરિત્ર લેખકો એમ માને છે કે, આપશ્રી પાદુકા ધારણ કરતાં ન હતાં. અને તદ્દન ખુલ્લા પગે આપશ્રીએ પરિભ્રહ્મણ કર્યું હતું. પરંતુ ખેરાળુની બેઠકમાં શ્રીવલ્લભની પાદુકા છે એનો સંકેતાર્થ એ હોય શકે કે, આપશ્રી પાદુકા પહેરતા હશે.

એમ કહેવાય છે કે, ત્રીજી યાત્રા શરૂ કરતાં પહેલાં આપે ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર્યો હતો. આથી ગૃહસ્થને છાજે તે રીતે આપે આપની શિષ્ય મંડળી અને સેવક ગણને સાથે રાખી, પાલખીમાં બિરાજી ત્રીજી ભારતયાત્રા કરી હતી. આપશ્રી નગરોમાં પધારતાં અને પોતાના શિષ્યોને ત્યાં મુકામ રાખતાં. આ હકીકત છે. ઘણાં નગરોમાં ગૃહસ્થોના ઘરોમાં આપશ્રીની બેઠકો છે. એ આ હકીકતને પુરવાર કરે છે.

આપે અગિયાર વરસની વયથી એકત્રીસ વરસની વય સુધી કુલ વિસ વરસ યાત્રા કરી. તે દરમિયાન અનેક અવનવા પ્રસંગો તેમના જીવનમાં બન્યાં હતાં. તે યાત્રાઓ દરમિયાનના અમુક અગત્યના પ્રસંગોનું પણ આપણે અવલોકન કરશું.

યાત્રા દરમિયાન જે સ્થળે રોકાતાં ત્યાં શ્રીમદ ભાગવતનું વાંચન કરતાં. આપશ્રી માનતા કે, વેદની ગૂઢ વાણી શ્રીમદ ભાગવત દ્વારા પ્રગટ થઈ છે. આથી સ્થળે સ્થળે આપશ્રી રોકાયને ભાગવત પારાયણ કરતાં. શ્રોતાજનોને ભાગવત રૂપી પીયૂષનું પાન કરાવી તેઓને ભક્તિ રસમાં તરબોળ કરી દેતાં. એ રીતે જે જે સ્થળોએ આપશ્રીએ ભાગવત પારાયણ કર્યું તે તે સ્થળોએ આપશ્રીની બેઠકો સર્જાય.

એવી ૮૪ બેઠકો ભારતમાં વિદ્યમાન છે.

મહાપ્રભુજી પ્રકટયા હતાં દૈવી જીવોનો ઉદ્ધાર કરવા. અને તેથી જ જ્યાં જ્યાં દૈવી જીવોબ મળે ત્યાં ત્યાંથી તેમને ખોળી કાઢી તેમનો ઉદ્ધાર કરતાં. ભક્તોએ ભગવાન પાસે જવાનું ન હતું. ભગવાન પોતે ભક્તોની શોધમાં જતા હતા એ સત્યની પ્રતીતિ આપણને શ્રીમહાપ્રભુજીએ, શ્રી દામોદરદાસ હરસાની, સાંભરવાલા, દામોદરદાસ, કૃષ્ણદાસ મેઘન, ભક્ત શિરોમણી સુરદાસ, ચોર્યાસી વૈષ્ણવોની સાથે અનેક જીવોને નામ કે ગદ્યમંત્રની દિક્ષાથી દીક્ષિત કર્યા અપનાવ્યા, તેથી થાય છે. તે આપણને તેમના જીવનના અનેક પ્રસંગો પરથી સમજાશે.

પ્રથમ પરિક્રમા દરમિયાન જ્યારે

તેઓ જગન્નાથપુરી પહોંચ્યા ત્યારે ત્યાંના રાજા ગજપતિ પુરૂષોત્તમદાસે જગન્નાથજીના મંદિરમાં એક ધર્મસભા બોલાવી હતી. તેમાં સનાતન ધર્મનો મુખ્ય ગ્રંથ કયો, મુખ્ય દેવ કોણ, મુખ્ય મંત્ર કયો અને મુખ્ય કર્તવ્ય શું?

વલ્લભે નિવેદન કર્યું કે, આપણે સૌ આસ્તિક લોકો છીએ. આપણે આ પ્રશ્નનો ઉત્તર જગદીશ પાસે મેળવી લઈએ. સૌએ નિજ મંદિરમાં જઈ શ્રી જગન્નાથજી સમક્ષ કાગળ કલમ અને શાહીનો ખડીયો મૂક્યાં. થોડાં સમય પછી મંદિરના દ્વાર ઉઘાડવામાં આવ્યાં. સૌના આશ્ચર્ય વચ્ચે કાગળ પર આ શ્લોક લખાયેલો મળી આવ્યો.

× એકં શાસ્ત્રમ દેવકીપુત્ર ગીતં,
એકો દેવો દેવકીપુત્ર એવ,
મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ,
કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા .×

અર્થાત - દેવકીપુત્ર કૃષ્ણે ગાયેલું ગીત એટલે કે ગીતા એકમાત્ર શાસ્ત્ર, શ્રીકૃષ્ણ સ્વયં એકમાત્ર દેવ, તેનું નામ એકમાત્ર મંત્ર અને તેની સેવા એ એકમાત્ર કર્મ છે.

આ યાત્રા દરમિયાન જ્યારે શ્રીવલ્લભ વ્રજમાં ગોકુલ પધાર્યા ત્યારે સંવત ૧૫૪૯ના શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ ગોવિંદઘાટ ઉપર તેમને ભગવદ સાક્ષાત્કાર થયો. જીવોને બ્રહ્મસંબંધ કરાવવા માટેની ભગવદ આજ્ઞા અહીં તેમને પ્રાપ્ત થઈ. શ્રીવલ્લભાચાર્યજીના જીવનનો આ અલૌકિક અને વિલક્ષણ પ્રસંગ હતો, જેના દ્વારા પુષ્ટિમાર્ગના પ્રસ્થાપનનો પાયો નંખાયો અને બ્રહ્મસંબંધ દિક્ષાની પરંપરાની શરૂઆત થઈ.

ક્રમશઃ

NEWS OF GANDHINAGAR_P-2

# સોનાના વાયદામાં રૂ.૪૨૫ અને ચાંદીમાં રૂ.૭૧૭નો ઉછાળો: ક્રૂડ તેલ રૂ.૨૪ ડાઉન

## નેચરલ ગેસમાં મામૂલી સુધારો: કોટન-ખાંડી વાયદામાં વૃદ્ધિ: મેન્થા તેલ ઢીલુ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૮૬૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૪૮૧૫ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૫૪ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૧૦,૯૪૦ સોદાઓમાં કુલ રૂ.૨૩,૭૩૫.૧૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૮૬૫.૨૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૪૮૧૫.૬૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૮,૪૬૮ સોદાઓમાં રૂ.૬,૩૭૧.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૪૯૦ અને નીચામાં રૂ.૬૧,૦૫૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૨૫ વધી રૂ.૬૧,૩૯૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૩૪ વધી રૂ.૪૯,૦૨૧ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૫ વધી રૂ.૬,૧૪૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૨ વધી રૂ.૬૧,૨૮૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૬,૨૮૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૬,૩૦૫ અને નીચામાં રૂ.૭૫,૬૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૧૭ વધી રૂ.૭૬,૧૧૭ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૭૨૫ વધી રૂ.૭૭,૧૪૮ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૭૦૬ વધી રૂ.૭૭,૧૧૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૨૨૨ સોદાઓમાં રૂ.૧,૧૦૯.૧૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૩૫.૯૫ના ભાવે ખૂલી, રૂ.૪.૪૫ વધી રૂ.૭૩૯.૮૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ ઘટી રૂ.૨૦૬.૭૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ.૨૩૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૫ ઘટી રૂ.૨૦૭.૨૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૮૩.૩૦ જસત-મિની મે વાયદો રૂ.૦.૧૦ ઘટી રૂ.૨૩૪.૩૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૯,૩૨૨ સોદાઓમાં રૂ.૧,૩૭૯.૪૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૬૩૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૭૦૧ અને નીચામાં રૂ.૫,૬૦૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪ ઘટી રૂ.૫,૬૨૩ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૨૫ ઘટી રૂ.૫,૬૨૬ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૦ના ભાવે ખૂલી, રૂ..૫૦ વધી રૂ.૧૭૯.૧૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૦.૬ વધી ૧૭૯.૩ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૫.૨૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૯૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૦૦૦ અને નીચામાં રૂ.૬૨,૮૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૦ વધી રૂ.૬૨,૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૧૦ ઘટી રૂ.૯૬૭.૪૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૧૯૧.૯૫ કરોડનાં ૫,૨૦૨.૭૪૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૧૭૯.૪૦ કરોડનાં ૪૧૧.૭૦૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮૨૯.૬૯ કરોડનાં ૧૪,૬૪,૮૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૫૪૯.૭૯ કરોડનાં ૩,૦૫,૪૦,૦૦૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૨૨.૫૧ કરોડનાં ૧૦,૭૨૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૦.૫૦ કરોડનાં ૧,૬૬૩ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૨૯.૦૯ કરોડનાં ૭,૧૩૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૨૭.૦૫ કરોડનાં ૧૩,૯૦૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૫૩ કરોડનાં ૭૨૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ..૭૩ કરોડનાં ૭.૫૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૬૪૫.૩૪૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૩૪.૩૧૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૧૬૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૭,૮૨૯ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૪૧૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૯૧૮ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૨૩,૯૫,૮૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૨૨,૧૩,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૫,૧૬૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૯૭ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૫૪.૧૯ કરોડનાં ૬૪૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૭૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૬૩૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૭૬૮ અને નીચામાં ૧૬,૬૩૯ બોલાઈ, ૧૨૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૩૭ પોઈન્ટ વધી ૧૬,૭૪૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૪૮૧૫.૬૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪૬૩.૦૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭૭.૪૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૯૭૩.૭૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૦૧.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૧૭.૬૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૫.૬૦ અને નીચામાં રૂ.૧૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૬૦ ઘટી રૂ.૧૬૮.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૪૦ અને નીચામાં રૂ.૧૦ રહી, અંતે રૂ.૦.૪૫ વધી રૂ.૧૦.૯૦ થયો હતો.

સોનું મે રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨૧ અને નીચામાં રૂ.૪૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૬ વધી રૂ.૬૦૩ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩૯ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૪૫ અને નીચામાં રૂ.૭૮૬ રહી, અંતે રૂ.૨૨૦.૫૦ વધી રૂ.૧,૦૧૦.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૧૫ વધી રૂ.૧,૬૦૭ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૬૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૩૨ વધી રૂ.૨,૫૭૩.૫૦ થયો હતો. તાંબુ મે રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૪૫ વધી રૂ.૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૦.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૧.૩૦ અને નીચામાં રૂ.૧૫૫.૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩.૭૦ વધી રૂ.૧૯૪.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૬૦ અને નીચામાં રૂ.૧૦.૮૫ રહી, અંતે રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૧.૮૦ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૦૬ અને નીચામાં રૂ.૨૬૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૫.૫૦ ઘટી રૂ.૨૮૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૦ અને નીચામાં રૂ.૨૭૦ રહી, અંતે રૂ.૧૩૫ ઘટી રૂ.૩૦૫ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૦૧ના ભાવે ખૂલી, રૂ.૮૯ ઘટી રૂ.૫૦૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૯૨ ઘટી રૂ.૧,૬૨૬ થયો હતો.

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક**
**સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ**




વિષય : સૂર સરગમ
શીર્ષક : સંભળાય
શબ્દો : ૬૫
લેખક નું નામ : ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★

★સંભળાય★

ઘર આંગણે સૂર સરગમના નાદ સંભળાય,
જીવન સંગમ સૂર સરગમના નાદ સંભળાય.
આ અવની પર સૂર સરગમના સાદ સંભળાય,
ગમા-અણગમા સૂર સરગમના સંવાદ સંભળાય.
ગુરુગોવિંદ ગુણ સૂર સરગમના ગાતા સંભળાય,
મા-બાપની સેવાના સૂર સરગમના સાદ સંભળાય.
નાનાં બાળકોનાં સૂર સરગમના કલરવ સંભળાય,
સરોવરે પાણીમાં સૂર સરગમના પડઘા સંભળાય.
એ પરોઢે પંખીનાં સૂર સરગમના ગીત સંભળાય,
★રમા★ કહે મીઠેરા સૂર સરગમના સંગાથે સંભળાય.

---

વિષય-સૂર સરગમ
શીર્ષક-"સૂર સરગમ
અનાહત નાદ"
શબ્દ-૧૨૯
નામ:-મુક્તિદા કુમાર'મનચલી'

વિચાર એજ!બીજ એજ!
એક અનાહદ્ !નાદે
સૂર થઈ,અનંતમાં ગૂંજે.
'ૐકાર' ને 'અર્ણવ' નાદે,
સતરંગી મેઘ ધનુષે,
કર્ણોપકર્ણે ગુંજારવ ગાજે!
એક સૂર,અનહદ્ સૂરીલો!
તાલબદ્ધ,એક તારે વહેતો,
ગૂંથતો, સૂર સરીલા!
સપ્તક ઉપર ★તીવ્રે★ ગાતો!
★મધ્યમમાં★ ★મનમોહક થાતો
★મંદ્ર★ સૂરોમાં,ઘેઘૂર ઘૂંટાતો?
વાજિંત્રોના સૂર મળીને,
ઉપર-નીચે-મધ્યમ સૂરમાં,
ગાતાં ગાતાં 'સરગમ' થાતો!
સપ્તરંગી મેઘધનુષે,
શુભ્રતાના શુભ સંગાથે,
સાત સૂરોના એક થવાથી,
અવિરત છતાં,તું છે એક તારો!
અનંતના અનહદ નાદે,
સૂર સૂરીલી સરગમ સાથે,
એક ધ્વનિ ઘૂમરાઈ રહ્યો!
નદી-દરિયા-તળાવની લહેરે
સૂર બની લહેરાઈ રહ્યો
દરિયાના ઘેઘૂર ઘૂઘવાટે,
પવનના પૂરપાટ-સૂસવાટે,
સરગમ થઈ સચવાઈ રહ્યો!
સાત સૂરોના સથવારે એ સરગમ થઈ સચવાઈ રહ્યો!
ૐકાર બની અનહદ્ નાદે,
સૂર!સરગમમાં સચવાઈ રહ્યો!

---

## પાવાગઢમાં વિશ્રામ સ્થળનો ઘુમ્મટ તૂટ્યો:વરસાદથી બચવા ઉભેલા યાત્રિકો પર કોંક્રીટનો સ્લેબ પડતા ૯ દટાયા, એકનું મોત

(એ.આર.એલ),હાલોલ,તા.૪

પાવાગઢના માચી ખાતે આવેલા ચાચરચોકમાં બનાવવામાં આવેલા પથ્થરના રેન બસેરાનો કેટલોક હિસ્સો તૂટી પડતાં અહીં દર્શન કરવા આવેલા આઠ યાત્રિક ઉપર કોંક્રીટનો સ્લેબ પડતાં ઈજાગ્રસ્ત થયા છે. બપોરે ગાજવીજ સાથે વરસાદ પડતાં કેટલાક યાત્રિકો રેન બસેરા નીચે ઊભા હતા એ સમયે દુર્ઘટના સર્જાતાં ૩ મહિલા, ૩ પુરુષો અને બે બાળકો ઈજાગ્રસ્ત થયાં હતાં, જ્યારે વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારની એક મહિલાનું મોત નીપજ્યું. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે કલેક્ટ પાસે એક સપ્તાહની અંદર ઘટનાનો રિપોર્ટ આપવા માટે સૂચના આપી. પ્રત્યક્ષ જોનારાઓના જણાવ્યા અનુસાર પાવાગઢ માચી ખાતે અમે અહીંયા દર્શન કરવા આવ્યા હતા અને અચાનક જ વરસાદ શરૂ થયો. જેથી બધા લોકોએ વરસાદથી બચવા માચી ખાતે બનાવેલા રેન બસેરાનો સહારો લીધો હતો. ત્યાંજ એક દુઃખદ ઘટના બની. વિશ્રામ સ્થળનું બાંધકામ પડી ભાંગ્યું. જ્યાં આઠ લોકોને ઈજા થઈ હતી અને તેમાં ૬ લોકોનો પરિવાર હતો. જ્યારે એક સ્ત્રી અને પુરૂષ ફરવા માટે આવેલા અને માચીએ દર્શન કરવા આવ્યાં હતાં. અચાનક જ વરસાદ પડતા વીજળીનો કડાકો થતાં બાંધકામ પડી ભાંગ્યું હતું અને ઘણા લોકો દટાયા હતા. જેમાં ત્રણ સ્ત્રી, ત્રણ પુરૂષ અને બે બાળકો હતા. જેમાં એક મહિલાને ખૂબ જ ઈજા થતાં બચવાની શક્યતા નથી, બચી જાય તો સારૂં અને ૩ લોકોના બંને પગ ભાંગી ગયા છે અને બે નાના છોકરાઓને ઓછું વાગ્યું છે. આ ઘટના સમયે હું ત્યાં જ હાજર હતો અને મેં અને ઘણા લોકોએ સાથે મળીને આ બાંધકામના પથ્થરો હટાવ્યા અને ઈજાગ્રસ્ત લોકોને પોલીસની મદદ સાથે ૧૦૮ મારફતે હોસ્પિટલ મોકલ્યા હતા. પાવાગઢના માચી ખાતે યાત્રિકોની સુવિધા માટે બનાવવામાં આવેલા ચાચર ચોકની સાઈડ પર કોંક્રીટનો સ્લેબ ગોઠવી કલાત્મક રેન બસેરા બનાવવામાં આવ્યા હતા. આજે બપોરે અહીં ગાજવીજ સાથે વરસાદ વરસતાં આ રેન બસેરા નીચે કેટલાક યાત્રિકો વરસાદથી બચવા આશરો લઈ ઊભા હતા. એ સમયે અચાનક પથ્થરોનું બાંધકામ તૂટી પડતાં યાત્રિકો ઈજાગ્રસ્ત થયા હતા અને એકનું મોત થયાના સમાચાર પ્રાપ્ત થયા છે. કોંક્રીટના ભારે સ્લેબ નીચે દબાયેલાં ત્રણ પુરુષ, ત્રણ મહિલા અને બે બાળકો પૈકી એક મહિલાને માથાના ભાગે અને બંને પગ ભાગી જતાં ગંભીર રીતે ઘવાઈ હતી. જ્યારે અન્ય એક મહિલાને પેટના ભાગે પથ્થરો પડતાં તે પણ ઈજાગ્રસ્ત થઈ હતી. જ્યારે બંને પુરુષો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

## જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી શંખેશ્વર પોલીસ

પોલીસ મહાનિરીક્ષક શ્રી જે.આર.મોથલીયા સાહેબ સરહદી રેન્જ ભુજ તથા મે.પોલીસ અધિક્ષક શ્રી વિજય પટેલ સાહેબનાઓના તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી.ડી.ચૌધરી સા.નાઓની પ્રોહી/જુગારની સફળ રેઈડો કરી કેશો શોધી કાઢવા અંગેના આપેલ માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર ડી.ડી.ચૌધરી શંખેશ્વર નાઓ પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે શંખેશ્વર પો.સ્ટેના પંચાસર ગામમાં ભરતજી જીવાજી ઠાકોર રહે પંચાસર તા.શંખેશ્વર વાળાના ઘરની પાછળ આવેલ વાડામાં ખુલ્લામાં કેટલાક ઈસમો પોતાના અંગત ફાયદા સારૂ ભેગા થઈ પૈસા વડે ગંજીપાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા કુલ -૯ ઈસમોને જુગારના કુલ રોકડ રકમ રૂપિયા- ૧૦,૪૬૦/-તથા ગંજી પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/૦૦/- મળી કુલ કિ.રૂ-૧૦,૪૬૦/-ના મુદામાલ સાથે જુગાર રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલ હોઈ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ધોરણસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

**આરોપીઓના નામ**

(૧) ભરતજી જીવાજી ઠાકોર ઉવ-૪૪ રહે,પંચાસર તા-શંખેશ્વર જી-પાટણ (૨) પશાજી ઝેણાજી ઠાકોર ઉ.વ-૪૩ રહે.પંચાસર તા-શંખેશ્વર જી-પાટણ (૩) ગુગાજી મગનજી ઠાકોર ઉ.વ-૫૨ રહે પંચાસર તા શંખેશ્વર જી-પાટણ (૪) મુકેશજી તલાજી ઠાકોર ઉ.વ ૨૮ રહે.પંચાસર તા શંખેશ્વર જી પાટણ (૫) જામાજી જુહાજી ઠાકોર ઉ.વ ૩૭ રહે.પંચાસર તા શંખેશ્વર જી-પાટણ (૬) મોતીજી જુહાજી ઠાકોર ઉ.વ-૪૧ રહે.પંચાસર તા-શંખેશ્વર જી-પાટણ (૭) જગાજી રામજીજી ઠાકોર ઉ.વ-૪૦ રહે પંચાસર તા-શંખેશ્વર જી-પાટણ (૮) રાજુજીલક્ષ્મણજી ઠાકોર ઉ.વ-૩૨ રહે પંચાસર તા-શંખેશ્વર જી-પાટણ (૯) પ્રહલાદજી અજાજી ઠાકોર ઉ.વ-૪૬ રહે પંચાસર તા-શંખેશ્વર જી-પાટણ

## તો સ્કૂલ સંચાલકોની થાળીમાં વ્યંજનોમાં બદલે વાયરો રહેશે!!

ખાનગી એ ખાનગી. જાહેર એ બધું જાહેર . માણસનો સ્વભાવ ખણખોદિયો અને કુતૂહલપ્રિય હોય છે. જે બાબતની મનાઈ ફરમાવવામાં આવે કે પ્રતિબંધ મુકવામાં આવે તેનો ભંગ પહેલા કરે. જેમ કે અહીંયા પેશાબ કરવો નહીં. ત્યાં સૂચનાનો રંગઢંગ દેખાય નહીં તે રીતે દિવાલ પર મૂત્ર છાંટી દિવાલ મજબુત કરે. એ જ રીતે અહીંયા થૂંકવાની મનાઈ છે, ત્યાં પાન, મસાલા, ફાકીના લાલ થૂંકથી દિવાલ રંગી નાંખે. માનો કે મોહે રંગ દે ગેરુઆ ગીત ગાતા ન હોય!!

જાહેર વાત જાણવાની ચટપટી કે તાલાવેલી કોઈને હોતી નથી. પણ ખાનગી વાત જાણવાની તાલાવેલી હોય છે. સત્યનું મુખ કનકપાત્રથી ઢંકાયેલ હોય છે એવું શાસ્ત્રોમાં કહેવાયું છે!!

આઝાદી મળ્યા પછી આપણે ખાનગીકરણના દૂષણો ધ્યાને લઈને સરકારીકરણ અમલમાં મુકયું. એચએમટી વગેરે નવ જાહેર એકમો ભારતના નવરત્નો બનેલા. થોડાંક વરસો પછી સરકારીકરણના દૂષણોના અંતે ઘડિયાળના કાંટા અવળા ફેરવીને ડિસઈન્વેસ્ટમેન્ટનો નિર્ણય કર્યો છે. આમ, દુનિયા ગોળ છે તે સાબિત થયું!!

ધૂડી નિશાળ તરીકે વગોવાયેલી સરકારી શાળાઓએ મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવા નેતાઓ નીપજ્યા છે. ખાનગી શાળાઓએ આવો કોઈ પાક લણ્યા હાય તેવું ધ્યાને આવેલ નથી.

સરકારી શાળાના મુકાબલે ખાનગી શાળાઓની સંખ્યા દિવસે દિવસે કૂદકે ને ભૂસ્કે વધી રહી છે. જેમાં પીળું એટલું સોનું કે ઉજળું એટલું દૂધની માન્યતા કારણભૂત છે.

સરકારી શાળાના છોકરાઓને ખાનગી શાળાઓમાં ખેંચવા માટે કેટલા પાપડ વણે છે!! ખાનગી શાળાઓને એર કન્ડિશન કરવી પડે, હાયજેનિક નાસ્તો કેન્ટિનમાં આપવો પડે. ઓલિમ્પિક મેદાનની સાઈઝના બાસ્કેટ બોલ, ફૂટબોલ મેદાનો ડેવલપ કરવા પડે. સ્વિમિંગ, હોર્સ રાઈડિંગ, આર્ચરી,ડિસ્ક થ્રો, જાપાનીઝ ક્રાફટ વગેરે સુવિધા ઉભી કરવી પડે છે!

સરકારી શાળાના ખખડધજ-નરસિંહ મહેતાના ઉતારા જેવી શાળાની સામે આલિશાન મહેલ જેવી વાતાનુકૂલિત શાળા ઉભી કરવી પડે છે. જો કે, કેટલીક શાળા કોમર્શિયલ શોપિંગમાં બે દુકાનોમાં ચાલે છે,એ વાત અલગ છે.

તમે વિચારો કે સરકારી શાળામાં કદી સ્વિંમીંગ પુલની સગવડ હોવાનું સાંભળ્યું છે?? ખાનગી શાળા સ્વિમિંગ પુલની સગવડ આપે છે!!

મયદાનવે મરૂભૂમિ જેવી બંજર ધરતીમાં અદ્ભૂત ઈજનેરી કૌશલ્યથી ઈન્દ્રપ્રસ્થ નગરનું નિર્માણ કર્યું હતું તે જ રીતે ખાનગી શાળાઓ પૃથ્વી પર ઓકસફર્ડ કે કેમ્બ્રિજ કે તક્ષશિલા કે નાલંદા જેવું શૈક્ષણિક સ્વર્ગ ખડું કરે છે. ખાનગી શાળોએ પવિત્ર શિક્ષણ તીર્થ નિર્માણ કરવા ગંજાવર ખર્ચ કરે છે. આ ખર્ચને રીકવર કરવું પડે કે નહીં? બાય જુને ટક્કર મારે તેવા ગુરૂવર્યોની સેવા સેવામાં આવે છે. માની લઈએ કે સરકારી ધારા ધોરણ મુજબ લાયકાત ધરાવતા નથી . શું ગુરૂ દ્રોણે યુજીસી મુજબ નેટ- સ્લેટ પાસ કરેલી હતી ? ડિસ્ટન્સ લર્નિંગ સેનેટરની મંજૂરી મળેલી ન હતા છતાં એકલવ્યને ડિસ્ટન્સ લર્નિંગ આપેલ હતું. તેના એજી ઓડિટ પારા કયાં હજુ સોલ્વ થયેલ છે?? એકાદ ધોરણની મંજૂરી ન હોય તો શિક્ષણના હિતમાં ચાલું કર્યા હોય!! ખાનગી શાળાઓ કરેલ રોકાણ વસૂલ કરવા ભૂતિયા વિદ્યાર્થીનેકાગળ પર દાખલ કર્યા હોય કે શિક્ષકોની નિમણૂક કરી હોય તેમાં કયું આભ તૂટી પડવાનું છે?? ચાલો શિક્ષકોનો પગાર કરવા શિક્ષકોના નામે લોન લીધી તો કયો ગુનો કર્યો છે? શિક્ષકોને પગારના પૂરી રકમ ડીબીટીથીચુકવી સંસ્થાની મદદ માટે અર્ધો પગાર પરત લઈ લીધો તેમાં કાગારોળ કરવાની? 'શાળા છે તો શિક્ષકો છે.'એ કથન ગાંઠે બાંધી લેજો- ગુરૂજીઓ!

શાળામાં આવતા છોકરા જાહેર પરિવહન કે માબાપના વાહનમાં આવે કે જાય તેની કરતાં સ્કૂલબસમાં આવે કે જાય તો સ્કૂલ ડિસિપ્લીનમાં ગુણાત્મક વધારો થશે. સારા ભણતર માટે થોડા રૂપિયા શિક્ષણવેદીમાં હોમવા પડે!! સ્કૂલની કેન્ટિનિમા્ હાયજેનિક અને બેલેન્સડ ડાયેટ મળતો હોય તો છોકરાઓની માએ નાસ્તો તૈયાર કરવાનું કષ્ટ શું કામ લેવું જોઈએ? વાલીઓ હસતું મોં રાખો અને ગજવું ઢીલું કરો!!સંચાલકો તમારી સમસ્યા પોતાના શીરે લેવા તૈયાર છે!!

તમે ગમે તે હલકી કવોલિટીનું કાપડ લઈ ગમે તે દરજી પાસે ફિટિંગ વગરનો કોથળા જેવો યુનિફોર્મ પહેરીને તમારા બચ્ચા સ્કૂલે આવે તો તેના પર્સનાલિટીને કેટલો મોટો અન્યાય થાય. સ્કૂલોએ પાસ કરેલ કાપડ મુજબ યુનિફોર્મ તૈયાર મળે તો વાલીની દોડધામ, તનાવ, સ્ટ્રેસમાં કેટલો મોટો ઘટાડો થાય! સ્કૂલમાંથી પાઠયપુસ્તકો નોટબુક લેવાથી વિવિધતામાં સમાનતાનો ગુણ વિકસે છે. આ બધું ખરીદ કરવાનું મરજીયાત છે, છતાં વાંકદેખા વાલીઓ ફરજિયાત હોવાની અફવા ફેલાવે છે!!!

લાલાઓએ તેમનો એટિટયુડ અને એપ્ટિટયુડમાં અમૂલ પરિવર્તન કરવાની જરૂર છે!!એફઆરસી તોપ માંગે તો ચાંદલિયા જેટલો ફી વધારો કપે અંધારામાં પૂરું અદાલત દાઝ્યા પર ડામ આપે છે. સિકૂલિાંથી યુનિફોર્મ ખરીદવાનો આગ્રહ યોગ્ય નથી કે મરજીયાત છે એવો હુકમો કરે છે. આ તો લાકડાની ભારી ખોલી લાકડી એક એક છૂટી કરી તોડવાની યુક્તિપ્રયુક્તિ છે. કાલે કેન્ટિન મરજીયાત કરશે. પરમ દિવસે પુસ્તકો મરજીયાત કરશે તો સ્કૂલ સંચાલકોની થાળીમાં વાયરો રહેશે.!!

**-ભરત વૈષ્ણવ**

## કચ્છના લખપતમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ કુંડી ધોધમાં ખળખળ પાણી વહેતા થયા

(એ.આર.એલ),ભુજ,તા.૪

પશ્ચિમ કચ્છના સરહદી લખપત તાલુકામાં પડેલા કમોસમી વરસાદના પગલે અનેક નદી નાળામાં નવા નિરની આવક શરૂ થઈ છે. તેમાં ગઈકાલે પડેલા વરસાદ બાદ જૂણાચાય નજીકનો કુંડી ધોધ જીવંત બની ઉઠ્યો હતો. કોતરાયેલી ભેખડો પરથી પડતા ઘૂઘવતા પાણીએ નયનરમ્ય નજારો સર્જ્યો હતો. દર ચોમાસે સારા વરસાદ બાદ કુંડી ધોધમાં મોટા પ્રમાણમાં વહેતા પાલર પાણીથી અદભુત દશ્યો નિર્માણ પામે છે. માત્ર છેલ્લા ત્રણ વર્ષથી પ્રકાશમાં આવેલો કુંડી ધોધ હવે સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે. ૧૫ થી ૨૦ ફૂટ ઊંચા પથ્થરો પરથી વિપુલ પ્રમાણમાં પડતી જળરાશીને જોવા છેક ભુજથી પ્રવસીઓ ઊમટી પડતા હોય છે.

NEWS OF GANDHINAGAR_P-3

# ચાલુ વર્ષે થયેલ કમોસમી વરસાદથી થયેલ પાક નુકસાની સંદર્ભે વિશેષ પેકેજ જાહેર: અસરગ્રસ્ત ખેડૂતોને મળશે અત્યારસુધીની સૌથી વધુ સહાય

પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ધરતપુત્રોના હિતમાં રાજ્ય સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. માર્ચ મહિના દરમિયાન થયેલા કમોસમી વરસાદના કારણે રાજ્યના અનેક ખેડૂતોના પાકમાં નુકશાન જોવા મળ્યું હતું. રાજય સરકારે આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે જિલ્લાવાર સર્વેની કામગીરી પૂર્ણ કરી છે અને ખેડૂતો માટે અત્યારસુધીની સૌથી વધુ સહાય આપતું વિશેષ રાહત પેકેજ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજય મંત્રીમંડળની કેબિનેટ બેઠક મળી હતી. કેબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજયના રાજકોટ, જૂનાગઢ, બનાસકાંઠા, અરવલ્લી, તાપી, પાટણ, સાબરકાંઠા, સુરત, કચ્છ, અમરેલી, જામનગર, ભાવનગર અને અમદાવાદ એમ ૧૩ જિલ્લાના ૪૮ તાલુકામાં પાક નુકશાની અંગેનો અહેવાલ મળ્યો હતો. જેમાં વહીવટી તંત્રએ કરેલા આંકલન તેમજ ખેડૂતો, ખેડૂત સંગઠનો અને જન પ્રતિનીધીઓની રજૂઆતો મળી હતી. આ રજૂઆતોના આધારે રાજય સરકારે ખેડૂતોને મદદરૂપ થવા માટે જીડ્ઢઈહ્લ ધોરણો ઉપરાંત ખાસ કિસ્સામાં રાજ્ય બજેટમાંથી ટોપ-અપ સહાય દરોમા અત્યાર સુધીનો સર્વોચ્ચ વધારો કરી વિશેષ રાહત જાહેર કરાઈ છે.મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ઘઉં, ચણા, રાઈ, કેળ, પપૈયાં વગેરે જેવા ખેતી અને વર્ષાયું બાગાયતી પાકો માટે જીડ્ઢઈહ્લના ધારાધોરણો મુજબ પ્રતિ હેક્ટર રૂ.૧૩,૫૦૦ની સહાય ઉપરાંત રાજય ભંડોળમાંથી અત્યારસુધીની સૌથી વધુ એવી વધારાની રૂ.૯,૫૦૦ પ્રતિ હેક્ટર સહાય ગણતરીમાં લઈ કુલ રૂ.૨૩,૦૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે આંબા, લીંબુ, જામફળ જેવા બહુવર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકશાનના કિસ્સામાં જીડ્ઢઈહ્લના નોર્મસ મુજબ પ્રતિ હેક્ટર મળવા પાત્ર રૂ.૧૮,૦૦૦ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી રૂ.૧૨,૬૦૦ પ્રતિ હેકટર વધારાની સહાય ગણતરીમાં લઈ કુલ રૂ.૩૦,૬૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવશે.તેમણે ઉમેર્યું હતું કે, જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે કુલ સહાયની ચૂકવવાપાત્ર રકમ રૂ.૪૦૦૦ કરતાં ઓછી હશે, તેવા કિસ્સામાં ખાતા દીઠ ઓછામાં ઓછી રૂ.૪૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. જેમાં તફાવતની રકમ રાજયના બજેટમાંથી ચૂકવવામાં આવશે.આ પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત અરજી પત્રકના નમૂનામાં ગામ નમૂના નં.૮-અ, તલાટીનો વાવેતરનો દાખલો/ગામ નમૂના નં. ૭-૧૨ સહિતના જરૂરી સાધનિક પુરાવા સાથે તાલુકા વિકાસ અધિકારીશ્રીને સંબોધાયેલ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

# ગુજરાત સરકારે ગરવી ગુજરાત ખાતે સોમનાથ મંદિરની 3D ગુફા બનાવી, દિલ્હીવાસીઓને મળશે વાસ્તવિક અનુભવ



નવી દિલ્હીઃ દિલ્હીને હવે દેશના મુખ્ય જ્યોતિર્લિંગો પૈકી એક એવા ગુજરાતના 'શાશ્વત તીર્થ' સોમનાથ મંદિરનાં દર્શન કરવાનો અવસર મળશે. ગુજરાત સરકારે દિલ્હીના ૨૫બી અકબર રોડ સ્થિત ગરવી ગુજરાત ભવનમાં એક 3D ગુફા બનાવી છે. આ ગુફાનું ઉદ્ઘાટન ગઈકાલે ગુજરાત સ્થાપના દિવસના અવસરે વડાપ્રધાનના અગ્ર સચિવ ડો. પી.કે. મિશ્રા, સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશશ્રીઓ ન્યાયમૂર્તિ એમ. આર. શાહ અને ન્યાયમૂર્તિ બેલાબેન ત્રિવેદીએ સંયુક્ત રીતે કર્યું હતું.રાજય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકસાવવામાં આવેલ આ એક અનોખો અનુભવ છે. ગરવી ગુજરાત ખાતે આયોજિત ગુજરાત સ્થાપના દિવસ સમારંભમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશશ્રી અરવિંદ કુમાર અને દિલ્હીના ઉપ-રાજ્યપાલ શ્રી વિનય કુમાર સક્સેના પણ ઉપસ્થિત રહ્યા હતા.આ વર્ચ્યુઅલ રિયાલિટી પ્રોજેક્ટના માધ્યમથી સોમનાથ મંદિરના સ્થાપત્ય, સંસ્કૃતિ અને ધાર્મિક મહત્વનો પ્રચાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રી સોમનાથ મંદિરને 3-DLiDAR સ્કેનિંગ/ મેપિંગ સિસ્ટમની સાથે સ્કેન કરવામાં આવેલ છે. તે લોકોને વર્ચ્યુઅલ રિયાલિટીના માધ્યમથી અસલ મંદિર જેવો અનુભવ કરાવશે. ગરવી ગુજરાત આવનારા લોકો આ 3D ગુફા અને વીઆર ગોગલ્સ (વર્ચ્યુઅલ રિયાલિટી માટેનાં ચશ્માં)ના માધ્યમથી સોમનાથ મંદિરની નાની-નાની બારીકાઈનો પણ અસલ મંદિર જેવો જ અનુભવ કરી શકશે. આ સિસ્ટમના માધ્યમથી અહીં આવનાર પ્રત્યેક વ્યક્તિને એક અનોખો અને અદ્ભૂત અનુભવ મળશે. આ અગાઉ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં દેશના ઐતિહાસિક વારસાને સંરક્ષિત કરવા અને તેનો પ્રચાર-પ્રસાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.ગુજરાત સરકારે પોતાના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને પ્રોત્સાહન આપવા અને તેને સંરક્ષિત કરવા માટે ઘણાં પગલાંભર્યાં છે. આ પ્રોજેક્ટ પણ તેનો જ એક ભાગ છે. દિલ્હીનું ગરવી ગુજરાત ભવન, ગુજરાતનાં કળા અને શિલ્પ, વ્યંજનો અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે અને આ પ્રોજેક્ટના માધ્યમથી ગરવી ગુજરાત ભવનના આ પ્રોજેક્ટના માધ્યમથી એક નવો અધ્યાય જોડવામાં આવ્યો છે. આ ઉદ્ઘાટન સમારંભમાં પર્યટન સચિવ શ્રી હરીત શુક્લા, નિવાસી આયુક્ત શ્રીમતી આરતી કંવર સહિત ગુજરાત અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

## રાજ્ય અને રાષ્ટ્રના પર્વને જિલ્લાઓમાં વિકાસ સાથે જોડીને

# સમાજ સેવકોને ગુજરાત ગરિમા એવોર્ડ આપીને સન્માનિત કરીને ગુજરાત સરકારે દેશને વિકાસનું મોડેલ આપ્યું છે

જામનગર,

ગુજરાતના ૬૩ માં સ્થાપના દિન 'ગુજરાત ગૌરવ દિન' ની જામનગરમાં રાજ્યકક્ષાની ઉજવણીના અવસરે ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ નમોસ્તુતે નવાનગરની પ્રસ્તુતિના પ્રસંગે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, બીજાને અપનાવવા અને બીજામાં ભળી જવું એ બંને ગુણ હોવા એ ગુજરાતીઓનું ગૌરવ છે. રાજ્યપાલશ્રીએ સગૌરવ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદ અને નેતૃત્વમાં ગુજરાત પ્રાકૃતિક ખેતીમાં દેશનું નેતૃત્વ કરશે. રાજયપાલશ્રીએ આ પ્રસંગે વધુમાં જણાવ્યું હતું કે, દુનિયાના ૧૭૨ દેશોમાં ગુજરાતીઓ વસે છે. ગુજરાતે વિકાસની એક નવી ઓળખ આપી છે. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સમાજ સુધારક શ્રી દયાનંદ સરસ્વતી અને સર્વ સમાવેશક વિકાસના પ્રણેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ગુજરાતે દેશને આપ્યા છે. તેઓએ ગુજરાત ગૌરવ દિને ગુજરાતમાં થઇ રહેલા વિકાસ અને પ્રાકૃતિક ખેતી તરફ જન આંદોલનમાં ગુજરાતના ખેડૂતોના ઉત્સાહને બિરદાવી જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી આત્મનિર્ભર ભારતનું પણ સપનું સાકાર થશે. લોકોના આરોગ્યની સુખાકારી સાથે ખેડૂતોની સમૃદ્ધિ થશે. ગુજરાતના સ્થાપના દિને પ્રાકૃતિક ખેતી વધુ અપનાવવા તેઓએ આહવાહન કરી જન ભાગીદારી સાથે આ અંગે સંકલ્પ કરવા માટે પણ આહવાહન કર્યું હતું. ગુજરાત સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે તેમ સહર્ષ જણાવ્યું હતું. તેઓએ ગૌરવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જામનગરની આગવી અધ્યાત્મિકે ઓળખ અને ઔદ્યોગિક નગરી તરીકે પણ આગવી વિશેષતા ધરાવે છે. રાજયપાલશ્રીએ ગુજરાત ગરિમા એવોર્ડ અને સન્માનિત શ્રેષ્ઠીઓને બિરદાવીને તમામ ગુજરાતીઓને આજના દિવસે શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે, આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૧ લી મે, ૧૯૬૦ ના રોજથી ગુજરાતે અલગ અસ્તિત્વ સાથે આગવી ઓળખ સ્થાપિત કરી છે. શરૂઆતના વર્ષોમાં યોગ્ય નાણાંકીય વ્યવસ્થાપનના અભાવે ગુજરાતનો પૂરતો વિકાસ થયો ન હતો. પરંતુ, છેલ્લા ૨૦- ૨૫ વર્ષમાં ખાસ કરીને, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતનો પુરઝડપે વિકાસ થયો છે, અને આજે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃર્ત્વમાં અમૃતકાળમાં સૌથી મોટું રૂ. ૩૦૦ લાખ કરોડનું બજેટ ગુજરાતને મળ્યું છે, અને તે ગુજરાતીઓ માટે વપરાશે. તે પણ ગૌરવ છે. તેમણે આગળ જણાવ્યું હતું કે, આશરો આપનારાઓની ભૂમિ જામનગર ખમીરવંતો ઈતિહાસ ધરાવે છે. પોલેન્ડમાં આજે પણ જામસાહેબને યાદ કરવામાં આવે છે. ભૂચર મોરીનું યુદ્ધ એ શરણે આવેલાના રક્ષણ માટે અને આશરો ધર્મ પાળવા માટેની શૌર્ય ગાથા છે. તેઓએ જામનગર જિલ્લાના લોકોને તેમજ તમામ ગુજરાતીઓને આજના દિવસની શુભકામના પાઠવી હતી,.આરોગ્ય મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્ય અને રાષ્ટ્રના પર્વને જિલ્લાઓમાં વિકાસ સાથે જોડીને- સમાજ સેવકોને ગુજરાત ગરિમા એવોર્ડ આપીને સન્માનિત કરીને ગુજરાત સરકારે દેશને વિકાસનું મોડેલ આપ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દેશને ઉન્નતિના માર્ગે લઇ જઈ રહયા છે. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વનું દુનિયામાં માન વધ્યું છે. દેશના વિકાસની ચર્ચા થાય છે. આ સપૂતો પણ ગુજરાતનું ગૌરવ છે. તેઓએ મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની રાષ્ટ્ર સેવાને યાદ કરીને ગુજરાતના નિર્માણમાં યોગદાન આપનારા વીરોને પણ વંદન કર્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે ત્રણ મહાનુભાવોને ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૩થી સન્માનિત કરાયા હતા. જેમાં સેવા સહકારિતા કાર્ય ક્ષેત્રે સ્વ.અનુબેન ઠક્કરને મરણોત્તર એવોર્ડ તેમજ રમત ગમત ક્ષેત્રે કુ.સરિતા ગાયકવાડ અને કલા-લેખક ક્ષેત્રે ડો. જગદીશભાઈ ત્રિવેદીને એવોર્ડ એનાયત કરાયા હતા. જામનગર જિલ્લાના પ્રતિષ્ઠિત ૧૮ નાગરિકોને બાંધણીની સાલ અને પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રકાશિત અને માહિતી કચેરી દ્વારા સંપાદિત કોફી ટેબલ બુક ×નમોસ્તુતે નવાનગર× અને ×જાજરમાન જામનગર× વિકાસવાટિકા બુકનું વિમોચન કરાયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતની વિકાસગાથા, ગુજરાતનો ઐતિહાસિક વારસો, ગુજરાતના પ્રખ્યાત મંદિરો તેમજ સાંસ્કૃતિક વારસો દર્શાવતી ફિલ્મ બતાવવામાં આવી હતી. રાજ્યપાલશ્રી અને મંત્રીશ્રીઓના હસ્તે નવી જાહેરાતના ભાગરૂપે જામનગર મહાનગર, નગરપાલિકાઓ અને ગ્રામ્ય વિસ્તારને રૂ.૨.૫૦ કરોડ એમ કુલ રૂ.૭.૫૦ કરોડના ચેક કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને કમિશનરશ્રીને એનાયત કરવામાં આવ્યા હતા. જામનગરને કેન્દ્રમાં રાખી યુવક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવી, સચિવ શ્રી અશ્વિનીકુમાર તથા કમિશનર શ્રી હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ એ.પી. ટીમ પ્રોડક્શન દ્વારા ૬૦ મિનિટનો "નમોસ્તુતે નવાનગર" નામનો ભવ્યાતિભવ્ય મલ્ટીમીડિયા શો રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં નૃત્ય, ગીત, સંગીત અને ડ્રામેટીક પ્રેઝન્ટેશન થકી જામનગરના ગૌરવપૂર્ણ ઈતિહાસ, જામનગરના મહાપુરુષોના વ્યક્તિ ચિત્રો સહિત જામનગરની વણ ખેડાયેલી વિશેષતાઓ લોકો સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ૧૫૦ કલાકારો તથા ૪૦ ટેકનીશીયન્સન દ્વારા તૈયાર કરાયેલ આ મલ્ટીમીડિયા શોમાં જામનગરની સ્થાપનાથી લઈ જામનગરનો ઈતિહાસ, ભૂચરમોરી યુદ્ધ સહિત જામનગરના સાંસ્કૃતિક અને સાહિત્યિક ચેતનાને ઉજાગર કરતા દ્રશ્યો તેમજ જામનગરના વિવિધ પાસાઓને રસપ્રદ રીતે ઉજાગર કરવામાં આવ્યાં હતા. આ મલ્ટીમીડિયા શો ની સ્ક્રીપ્ટ જામનગરના ડો. મનોજ જોશી "મન" દ્વારા તૈયાર કરવામાં આવી હતી. તેમજ ગૌરવ પુરસ્કૃત નાટ્ય દિગ્દર્શક વિરલ રાચ્છ તથા જય વિઠલાણી દ્વારા તેનું દિગ્દર્શન કરવામાં આવ્યું હતું. શો ને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા અંકુર પઠાણ દ્વારા કોરીયોગ્રાફ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં કલેકટરશ્રી બી.એ.શાહે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજી, કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, સાંસદ શ્રી પૂનમબેન માડમ, મેયર શ્રીમતી બીનાબેન કોઠારી, ધારાસભ્યો શ્રીમતી રીવાબા જાડેજા, શ્રી મેઘજીભાઈ ચાવડા, શ્રી દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમશીભાઈ ચનીયારા, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પુરી, ડીજીપીશ્રી વિકાસ સહાય, અગ્ર સચિવશ્રી અશ્વિની કુમાર, પ્રભારી સચિવશ્રી અનુપમ આનંદ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકલ્પ ભારદ્વાજ, કમિશનર શ્રી ડી. એન. મોદી, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાંસદ મોકરીયાએ ઉડ્ડયનમંત્રીને પોરબંદર-રાજકોટ અને અમદાવાદથી રાજકોટ માટે ફ્લાઈટની સુવિધા માટે રજૂઆત કરી

(એ.આર.એલ),રાજકોટ,તા.૪


સૌરાષ્ટ્રનાં પાટનગર ગણાતા રાજકોટ અને ગાંધીભૂમિ પોરબંદર તેમજ અમદાવાદ સહિતના સ્થળોએ ૯ સીટર ફ્લાઈટની સુવિધા આપવા રાજ્યસભાનાં સાંસદ રામ મોકરિયાએ રજૂઆત કરી છે. સાંસદ રામ મોકરિયાએ ઉડ્ડયન મંત્રી બળવંતસિંહ રાજપુતને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, કોરોના કાળ અગાઉ પોરબંદરથી મુંબઈ વિમાન સેવા ચાલુ હતી. પોરબંદરથી અમદાવાદ માટે પણ મેસર્સ ટર્બો મેઘા કંપનીને ત્રણ વર્ષ માટે રૂટ શરૂ કરવા કોન્ટ્રાકટ અપાયો હતો. પરંતુ કંપનીમાં મેનેજમેન્ટનાં પ્રશ્નોને લઈને આ રૂટ શરૂ થઈ શક્યો નથી. આ સિવાય હાલ પોરબંદરથી અન્ય કોઈ એર સુવિધાઓ ઉપલબ્ધ નથી. મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદર દ્વારિકા અને સોમનાથ જેવા તીર્થસ્થાનોથી નજીક છે. આ ઉપરાંત અહીં મોટો ઔદ્યોગિક વિસ્તાર પણ છે. એટલું જ નહીં નેવીનું બંદર પણ આવેલું છે. ફિશરીઝ ઉદ્યોગ પણ અહીં ધમધમે છે. ત્યારે અહીં અવરજવર માટે ૯ સીટર ફ્લાઈટની સુવિધા આપવી જરૂરી છે.

# સાવલી તાલુકામાં ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી અત્યાધુનિક ESIC હોસ્પિટલને મંજૂરી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ કેબિનેટ બેઠક બાદ અગત્યના મુદ્દે પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૧૦૦ બેડની નવીન ESIC હોસ્પિટલની મંજૂરી મળી છે.તેમણે વધુમાં ઉમેર્યુ છે કે, આ હોસ્પિટલ મધ્યગુજરાતના રહેવાસીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે. "સાવલી જી.આઇ.ડી.સી. ક્ષેત્ર અને તેની આસપાસમાં જ ૧૫૦૦ થી વધુ ઔધોગિક એકમો આવેલા છે. ઇ.એસ.આઇ. યોજના હેઠળી આવરી લેવાયેલ કર્મચારીઓની સંખ્યા અંદાજીત ૩૫ થી ૪૦ હજાર છે.પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ૧૦૦ પથારીની આ આધુનિક હોસ્પિટલથી સાવલી તાલુકાની ઔધોગિક વસાહતોમાં વસતા શ્રમિકો ઉપરાંત કર્મચારીઓ અને સ્થાનિક રહેવાસીઓને તબીબી સેવાઓનો લાભ મળશે. તેઓને સ્થાનિક સ્તરે સુપરસ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં તબીબી સેવા ઉપલબ્ધ બનતા તેમના પરિવારજનોને સમય અને મુસાફરીના ખર્ચમાં રાહત મળશે.વધુ વિગતોમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, રાજ્યના ઔધોગિક ક્ષેત્રની કામગીરી સાથે જોડાયેલા મહત્વના જિલ્લાઓ પૈકીના વડોદરા જિલ્લામાં અને તેમાં પણ સાવલી તાલુકામાં એન્જિનિયરિંગ વર્ક્સ / મેટલ અને કાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ / ઈલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ / સેનિટરી વેર / ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ / આયાત-નિકાસને લગતા કામકાજ વગેરે ચલાવતા ઘણા ઉદ્યોગો, કારખાનાઓ અને ઓફિસો આવી છે. જે મોટી સંખ્યામાં કર્મચારીઓને રોજગારી આપે છે. "મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે, વડોદરા જિલ્લામાં સોશ્યલ સિક્યુરિટી કોડ, ૨૦૨૦ના અમલીકરણ પછી કર્મચારીઓની વધતી સંખ્યાને ધ્યાને લઇ અને તેમની આરોગ્ય સુખાકારીની દરકાર રાજ્ય સરકારે કરી છે. "હાલમાં આ વિસ્તારના ઈ.એસ.આઈ.માં આવરી લેવાયેલ કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યોને વધુ સારવાર માટે ગોત્રી, વડોદરા ખાતે આવેલી કર્મચારી રાજ્ય વિમા યોજનાની જનરલ હોસ્પિટલમાં જવું પડે છે. "હાલોલ ખાતે હોસ્પિટલથી ઈ.એસ.આઈ.માં આવરી લેવાયેલ કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યોને વડોદરા આવવા-જવા મુસાફરીમાં ખર્ચવામાં આવતા નાણાં અને સમયના વ્યયમાંથી રાહત મળશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.

# ગુજરાતના પ્રાથમિક શિક્ષકોને સમર્પિત રામકથાનો ૧૩ થી ગાંધીનગરમાં પ્રારંભ

ભાવનગર /ગાંધીનગર



પુ.મોરારીબાપુ અત્યારે ભલે લોક શિક્ષક તરીકે સમગ્ર જગતને ચેતના પુરી પાડતાં હોય.પરંતુ એક સમયે તેઓ પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે કાર્યરત હતાં અને તેથી સ્વાભાવિક રીતે બાપુને પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈ બહેનો માટે વિશેષ અનુગ્રહ હોય અને એના ભાગરૂપે બાપુ પાસે પ્રાથમિક શિક્ષક ભાઈ બહેનોએ કથા શ્રવણ દ્વારા મૂલ્ય શિક્ષણ માટેના પ્રયાસ કરવા ઘણીવાર કથાનું માધ્યમ મેળવવા વિનંતી કરી હતી. બાપુએ સમય સંજોગો મુજબ તેનો સ્વીકાર કરવા અનુમતિ પણ આપેલી. આખરે આ ઘડી હવે આવી પહોંચી છે. બાપુએ આ કથાને પોતાની કથા સમજીને અનેક શિક્ષક ભાઈ બહેનોની કથાની સાથે સંવેદનાથી જોડ્યાં છે. આગામી ૧૩મી મેથી ગાંધીનગર પાસેના ગિફ્ટ સિટીમાં પાસે આવેલાં વલાદ ગામમાં આ કથાનો પ્રારંભ થશે. આગળના દિવસે ૧૨ મે ના રોજ શિક્ષકોના રાષ્ટ્રીય અધિવેશનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ઉપસ્થિત રહેનાર છે. તેથી આ રામકથાનું મહત્વ અને અનેરું બની રહેવાનું છે.ગુજરાતના મુખ્યમંત્રી તથા મંત્રી મંડળના ઘણાં બધાંએ વિશિષ્ટ મહાનુભાવો તથા દરમિયાન ઉપસ્થિત રહીને આ મહાઅભિયાનને વેગવંતુ બનાવવા માટે પોતાની સંમતિ દર્શાવશે. કથાના આયોજનમાં મુખ્ય રૂપે ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘ જોડાયેલું છે. કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રુપાલાજીના વિશેષ સહયોગ અને પ્રયત્નથી આ ભગવદિય કાર્યમાં અનન્ય સાથી તરીકે રામભક્ત એવા રીયલ એસ્ટેટની સાથે જોડાયેલાં શ્રી ડાયાભાઈ ભરવાડ અને હીરાભાઈ ભરવાડ પણ આ કથાના નિમિત માત્ર યજમાન છે. કથામાં ૨૦ એકરમાં ભોજન અને સભા મંડપનો સમિયાણો ઊભો કરવામાં આવ્યો છે.તે માટેની જરૂરી વ્યવસ્થાઓ માટે વિવિધ કમિટીઓની રચના કરીને ઉમંગભેર સ્થાનિક જિલ્લાઓ ગાંધીનગર અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં શિક્ષક ભાઈ બહેનો પોતાની સેવા આપવા માટે જોડાઈ ગયા છે. કથાના આયોજનમાં શિક્ષક સંઘના હોદ્દેદારો શ્રી દિગ્વિજયસિંહ જાડેજા, સતિષભાઈ પટેલ, રણજીતસિંહ પરમાર, મિડિયા સંયોજક શ્રી જયમીનભાઈ પટેલ ઉપરાંત ડાયાભાઈ ભરવાડ અને હિરાભાઈ ભરવાડ વગેરે જોડાઈ ગયાં છે.કથામા ૧ લાખ શિક્ષક ભાઈ બહેનો ઉપસ્થિત રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.રાત્રી કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે.૧૩-૫ ના રોજ જીજ્ઞેશ બારોટ,ગીતા રબારી,૧૫-૫ ના માયાભાઈ આહીર,ઉવેંશી રાદડિયા,૧૬-૫ કિર્તીદાન, રશ્મિતા રબારી,૧૮-૫ રાજભા અને બીરજુ બારોટ,૨૦-૫ ઓસમાણ મીર -અલ્પા પટેલ- ફરિદા મીર વગેરે રંગ કસુંબલ ડાયરાઓની રમઝટ કરશે. સૌને કથા શ્રવણ તથા લોકડાયરા પધારવાનું જાહેર નિમંત્રણ છે.ભજન ભોજનનો આ સેતુ ગાંધીનગર માટે એક રુડો અવસર બની રહેશે.

# શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળ સાયલા તેમજ વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળ બોટાદ દ્વારા બોટાદ ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ




શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળ સાયલા તેમજ વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળ બોટાદ દ્વારા બોટાદ ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ. જેમાં પૂજ્ય માધવ સ્વામી,પૂજ્ય મહાસુખ બાપુ,પૂજ્ય નિર્મળ ગીરીબાપુ ભીખુરામબાપુ, હનુમાનજી મંદિર તથા શ્રેષ્ઠ સંચાલક સાહિત્યકાર શ્રી મહેશભાઈ ગઢવી,વિ.હિ.પ. અધ્યક્ષ સતુભાઈ ધાધલ, બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ મહેશભાઈ કણજારીયા તથા ધીરુભાઈ પંચોલી તથા શશીકાંતભાઈ ગોહિલ તથા બજરંગદળ સંયોજક ભગીરથસિંહ વાઘેલા તથા સહ સંયોજક કિશનભાઈ ચડોત્રા તથા સત્સંગ સંયોજક રાજુભાઈ સાકરીયા તથા બોટાદ પ્રખંડ અધ્યક્ષ મોન્ટુભાઈ માળી,તથા મંત્રી આલ્કુભાઈ ધાધલ તથા ભાજપ શહેર પ્રમુખ ચંદુભાઈ સાવલિયા પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ભીખુભાઈ વાઘેલા, તથા બોટાદ જિલ્લા ભાજપા શિક્ષણ સેલ સંયોજક મયુરધ્વજસિંહ ભાટી તથા કેતનભાઈ રોજેશરા તથા ધર્મેશભાઈ સોલંકી તથા વિપુલભાઈ જાંબુકીયા તથા મહેન્દ્રભાઈ ચાવડા અનેક પદાધિકારી ,કાર્યકરો ની હાજરીમાં છાશ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ.બપોરના તીખા તડકામાં છાશ એક અમૃત જેવું પીણું ગણાય છે, ત્યારે અનેક લોકોએ આ બપોરના તડકામાં મીઠી અને ઠંડી છાશ પીને હાસકારો અનુભવ્યા હતા.જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાંભ લીધેલ.સૌજન્ય માતૃશ્રી સવિતાબેન ધીરજલાલ શાહ પાર્ટીવાળા પરિવાર હાલ મુંબઈ હસ્તક જયેશભાઈ ધીરજલાલ શાહ.

**અહેવાલ કનુભાઈ ખાચર**

# ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરના સેક્ટર-૭ના શોપિંગ સેન્ટરમાં લાંબા સમયના દબાણ દૂર કરાયા



ગાંધીનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની અંદર ગેરકાયદે દબાણો દૂર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત એસ્ટેટ શાખાની ટીમ દ્વારા શહેરના સેક્ટર – ૭ શોપિંગ સેન્ટરમાં દબાણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ૩૨ – લારી-ગલ્લા, ૭ ઘોડા કાઉંટર , ૧ – કેબિન સામાન જપ્ત કરેલ છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી લારી-ગલ્લા દ્વારા જગી દબાણ કરેલ તથા ગેરકાયદેસર ઓટલા બનાવી રસ્તાની હદમાં દબાણરૂપે લારી ઊભી કરી દબાણ કરેલ. જે એસ્ટેટ શાખા દ્વારા હટાવી ઓટલાનો પણ નાશ કરેલ છે.



સરગાસણ મા પ્રયાસ ચેરીટેબલ ની રામ કથા.સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ.હોદ્દેદારો.ધારાસભ્ય રીટાબેન પટેલ ની હાજરી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4